# સન્ડે સ્કૂલ

## પાઠ તેમજ અભ્યાસ પુસ્તિકા

# ધોરણ - 3

**પ્રકાશક :**

**Operation Agape**
**Ashirwad Ashram, Chhawla Village,**
**Najafgarh, New Delhi 110 071**

**Class - 3**
© 2009
All rights reserved
First Print 1000 copies 2009

**Published by**
National Resources Centre
Ashirwad Ashram, Kanganheri Road, Chhawla, New Delhi 110 070

**Printed at :**
Innovative Designers and Printers
F-32/6, Okhla Indl. Area
Phase - II, New Delhi - 110 020

# સક્રિય સન્ડે સ્કૂલના અભ્યાસક્રમનો પરિચય તથા સૂચનાઓ

ઉત્તર ભારતની મંડળીઓ માટે આ સક્રિય અને પ્રભાવશાળી સન્ડે સ્કૂલ અભ્યાસક્રમ રજૂ કરતા અમને અનહદ આનંદ થાય છે. બાળકોને નિયમિત રીતે પ્રારંભિક શિક્ષણ આપવા માટે એક પ્રભાવશાળી સાધનની ખૂબ જ જરૂરિયાત છે તે બાબતને ધ્યાનમાં રાખીને આ પુસ્તકને શિક્ષણ આપવાના એક સાધન તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકને અનુભવી શિક્ષકો તથા બાઈબલના વિદ્વાનો દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. તેઓ બધા ઉત્તર ભારતમાં ઘણા બધા વર્ષોથી પ્રભુના સેવાકાર્યમાં કાર્યરત છે.

નીચે આપવામાં આવેલ કેટલાંક મૂળભૂત સિદ્ધાંતોના/ઢાંચાના આધારે આ અભ્યાસક્રમને તૈયાર કરવામાં આવ્યો છે. દરેકે દરેક પુસ્તકમાં અંદાજે 40 જેટલા પાઠ છે જે એક વર્ષની અંદર ભણાવવાના છે. બધા જ પાઠ ગ્રેડીંગ પદ્ધતિથી તૈયાર કરવામાં આવ્યા છે, જેથી કરીને દરેક પાઠને કેવળ સન્ડે સ્કૂલના વર્ગમાં શિક્ષક દ્વારા શીખવવામાં આવે એટલું જ નહીં પરંતુ સાથે સાથે બાળક તેના વ્યવહારિક શિક્ષણમાં અને સાથી બાળકોના સમૂહમાં હરતા ફરતાં રમતાં પણ આ શિક્ષણ તેમને ઉપયોગી નીવડે જેથી કરીને દરેકે દરેક વિદ્યાર્થીને તેમના વ્યક્તિગત જીવનમાં આ વ્યવહારિક શિક્ષણ અમલમાં મૂકવા અને જીવનમાં નિર્ણય કરવા માટેનો પ્રસંગ મળી રહે.

**સામાન્ય સિદ્ધાંતો :**

1. વાર્તાઓ દ્વારા ઈશ્વરના વચનોનું શિક્ષણ
2. બાળકોની રચનાત્મકતા વધુ સારી કરવા દરેક પાઠને અનુરૂપ કળા તથા હસ્તકળા અથવા પ્રવૃત્તિ સામેલ કરી છે.
3. વિષયને અનુરૂપ મોઢે કરવાની એક મુખપાઠ કલમ
4. દરેક અઠવાડિયે તંદુરસ્તી તથા સફાઈ સંબંધીનું શિક્ષણ મળી રહે તે માટે સુઆચરણના વાક્યો
5. દર અઠવાડિયે અંગ્રેજીમાં એક ગીત શક્ય હોય તો શીખવવું
6. કાબેલિયતની ચકાસણી (મરજીયાત)
7. પ્રશ્નો તથા ગૃહકાર્ય
8. દર અઠવાડિયે પાંચ વ્યક્તિને વાર્તા વહેંચવી
9. પાઠ આધારિત એક વ્યવહારિક નિર્ણય (જીવનમાં અમલ કરવા માટે)

શિક્ષકોએ પાઠને એવી રીતે સમજાવવા પ્રયત્ન કરવો કે જેથી બાળકની સંસ્કૃતિ અને જે તે વિસ્તારની પરિસ્થિતિને અનુરૂપ શિક્ષણ આપી શકાય. વળી બાળકનું ધોરણ ધ્યાનમાં રાખીને તેને સમજાવવું.

**શિક્ષકની તૈયારી**

આ પુસ્તક સરળ છે, ચિત્રોમાં પ્રયોગ કાર્ય કરવાનું છે અને સાથે સાથે વિદ્યાર્થીનો અભ્યાસ પણ આમાં સામેલ છે. પ્રત્યેક વર્ગ એક કલાકના સમયનો છે તે બાબતને ધ્યાનમાં રાખીને નાના નાના નમૂના આપવામાં આવ્યા છે.

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** શિક્ષકો પાસેથી આશા રાખવામાં આવે છે કે દરેક શિક્ષક બાઈબલની કલમો વારંવાર વાંચીને તેઓ અર્થ સમજે અને ત્યાં સુધી અભ્યાસ કરવો જ્યાં સુધી તે કલમોનો સાચો ભાવાર્થ સમજી ન જવાય. શિક્ષકો પાઠની તૈયારી સારી પેઠે કરી શકે તે માટે આ કલમો સમાવવામાં આવી છે. આ મુજબ કરવાથી વિદ્યાર્થીઓને પાઠ સમજાવવામાં ઘણી સરળતા રહેશે.

**પાઠનો ઉદ્દેશ :** એક ચોક્કસ હેતુ નજર સમક્ષ રાખીને દરેક પાઠ તૈયાર કરવામાં આવ્યો છે. પાઠમાં બીજી એવી બાબતો પણ જોવા જાણવામાં આવશે જેના પર જોર આપવાનું મન થાય એવું બને ખરું; પરંતુ શિક્ષકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ પોતાનું ધ્યાન પાઠના મૂળ હેતુ તરફ જ કેન્દ્રિત કરે.

## વર્ગની તૈયારી

**પ્રાર્થના :** વિદ્યાર્થીઓ પ્રાર્થના કરાવતાં શીખે તે માટે શિક્ષકે માર્ગદર્શન અને ઉત્તેજન આપવું.

**પુનરાવર્તન :** ગયા અઠવાડિયે ચાલેલા પાઠનું પુનરાવર્તન ટૂંકાણમાં કરાવવું. મુખપાઠ કલમ તથા જીવનમાં અમલ કરવાની બાબત ખાસ યાદ કરાવવી. જે વિદ્યાર્થી સારી રીતે આગળ વધે છે તેને પ્રોત્સાહન આપવું.

**વાર્તા શીખવવા સાધનોનો ઉપયોગ :** શિક્ષકોને સલાહ આપવામાં આવે છે કે પાઠની તૈયારી કરતી વખતે તેમજ શીખવતી વખતે ચિત્રોનો ઉપયોગ કરો તેમજ અન્ય સાધનો વાપરો જે દ્વારા વાર્તાનો ભાવાર્થ દર્શાવી શકાય. જો તમારી પાસે સગવડ હોય તો નાની વીડિયોનો ઉપયોગ કરો કે અન્ય સાધન વાપરો જે દ્વારા તમારું શિક્ષણકાર્ય વધારે આકર્ષક બની શકે. પરંતુ યાદ રાખો કે આ પ્રકારની રીત અને આવા સાધનોએ વિદ્યાર્થી સાથેના તમારા વ્યક્તિગત રીતે વાર્તા કહેવાના અને આત્મીય વ્યવહારનું સ્થાન લઈ ન લેવું જોઈએ.

**અનુરૂપ ગીત શીખવો :** વિદ્યાર્થી કયા ધોરણના અને કયા પ્રકારના છે તે ધ્યાનમાં લઈને તેમને અનુરૂપ ગીત શીખવો. અંગ્રેજી ગીતની જરૂર હોય તો શીખવો. અનુકૂળ હોય તો ગીતની સાથે સાથે હાવભાવ (એક્શન) પણ કરાવો.

## કળા, હસ્તકળા અથવા ઈતર પ્રવૃત્તિઓ

શિક્ષકે બાળકોને માર્ગદર્શન, દોરવણી, જરૂરી સૂચન અને સહાયતા કરવી જેથી બાળકો ચિત્રોમાં રંગ પૂરી શકે, ખાલી જગ્યાઓ પૂરી શકે અથવા વાર્તાના આધારે એક નાનું નાટક ભજવી શકે.

**મુખપાઠ કલમ :** પાઠ પર આધારિત એક કલમ પસંદ કરવામાં આવી છે જેને વર્ગમાં શીખવવી જરૂરી છે, અને અનિવાર્ય છે. આગળનો અભ્યાસ કરો ત્યારે પાછલા સમયમાં શીખી ગયેલ કલમોને યાદ કરાવતા રહો અને જે વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી રહ્યા હોય તેમને ઉત્તેજન આપો, વખાણો અને પ્રોત્સાહન આપતા રહો.

**સુઆચરણ :** પુસ્તકના અંત ભાગમાં જે સુઆચરણનું લિસ્ટ આપવામાં આવ્યું છે તે જુઓ અને દર અઠવાડિયે તેમાંથી ગમે તે એક વાક્ય પસંદ કરીને તે શીખો. તંદુરસ્તી / નૈતિક શિક્ષણનો આમાં સમાવેશ છે.

**ગૃહકાર્ય :** શિક્ષક કે શિક્ષિકા દર અઠવાડિયે વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપી શકે છે. ખૂબ જ સરળ સવાલો હોવા જોઈએ અને તે બાબતમાં ખૂબ સમય ન વેડફશો. દરેક વિદ્યાર્થીને કહો કે જે વાર્તા તેઓ શીખ્યા છે તે વાર્તા અઠવાડિયા દરમિયાન પાંચ વ્યક્તિઓને જણાવે. માતા-પિતા, ભાઈ-બહેન કે મિત્રોને પણ આ વાર્તા જણાવી શકાય. વિદ્યાર્થીઓ પાસેથી હેવાલ માંગો કે શું તેમણે તે મુજબ કર્યું છે. આ પ્રમાણે તેઓ નિયમિતપણે કરે તે માટે પ્રોત્સાહન આપો.

**પાઠની સમીક્ષા :** વર્ગ પૂરો થવાની તૈયારી થાય તે સમયે આખા પાઠનું ટૂંકમાં પુવનરાવર્તન કરો. જો સમય હોય અને શક્ય હોય તો એક બાળકને ઊભા થઈને વાર્તા બોલી જવાનું કહો. પાઠ પર બાળકો અંદરોઅંદર ચર્ચા વિચારણા કરી શકે છે પરંતુ તે માટે શિક્ષકે મુખ્ય પ્રશ્નો દ્વારા શરૂઆત કરી આપવી, અને મદદ કરી, દોરવણી પણ આપવી.

**વ્યવહારિક અમલ :** પાઠને અનુરૂપ આ અઠવાડિયા દરમિયાન દરેક વિદ્યાર્થીએ શું કરવાનું છે એવો પ્રશ્ન કે એના જેવો પ્રશ્ન તમે બાળકોને પૂછી શકો છો અને ત્યાર પછી બાળકોને તેમનો નિર્ણય જાહેર કરવાની તક આપો, અને પ્રાર્થના કરીને નિર્ણય કરવા દો.

**પ્રવીણતાનું શિક્ષણ :** દરેક વર્ગ માટે આ બાબત ફરજિયાત નથી પણ મરજિયાત છે. સમય, સ્થળ, જરૂરી સાધનો અને બાળકની કાબેલિયત, પ્રવીણતા, કૌશલ્યની ઉપલબ્ધતાને આધારે આ બાબતનું આયોજન કરી શકાય.

દા.ત. સંગીતના સાધનોનો ઉપયોગ કરવો, જેવા કે ખંજરી, ઢોલક કે બીજું સાધન, મ્યુઝીક વગાડવું, અંગ્રેજી ભાષામાં વાર્તા સમજાવવાની વિગેરે.

**સમાપ્તિની પ્રાર્થના :** છેલ્લે ટૂંકી પ્રાર્થના કરાવીને છૂટા પડવું.

# અનુક્રમણિકા


1. ઉત્પત્તિ અને માણસનું પતન ........ 7
2. ઈશ્વરનો નૂહ સાથે કરાર ........ 9
3. ઈબ્રાહિમ ........ 11
4. ઈબ્રાહિમની પરીક્ષા ........ 13
5. યાકૂબે ઈસહાકનો આશીર્વાદ મેળવ્યો ........ 15
6. યૂસફનું સ્વપ્ન ........ 17
7. મૂસા ........ 19
8. મૂસા તથા ફારુન ........ 21
9. ઈસ્રાએલીઓ અરણ્યમાં ........ 23
10. સોનાનું વાછરડું ........ 25
11. યર્દન નદી ઓળંગી ........ 27
12. યરીખોનું પતન ........ 29
13. ગિદિયોન ........ 31
14. સામસૂનનો જન્મ ........ 33
15. શમુએલ દ્વારા દાઉદનો અભિષેક ........ 35
16. શાઉલ અને દાઉદ ........ 37
17. સારફતની વિધવા ........ 39
18. લાલચું ગેહઝી ........ 41
19. ત્રણ યહુદી જુવાનો ........ 43
20. પ્રભુ ઈસુનો જન્મ ........ 45
21. યોહાન બાપ્તિસ્મી ........ 47
22. શિષ્યોનું તેડું ........ 49
23. ઈસુ મંદિરને શુદ્ધ કરે છે ........ 51

24. નિકોદેમસ ........ 53
25. સમરૂની સ્ત્રી ........ 55
26. અમીરના દીકરાનું સાજા કરાવવું ........ 57
27. નાઈન નગરની વિધવા ........ 59
28. ઉડાઉ દીકરાનું દૃષ્ટાંત ........ 61
29. બહેરા બોબડાને સાજાપણું ........ 63
30. રાજાના દીકરાનાં લગ્નનું જમણ ........ 65
31. ઈસુ પાણી પર ચાલ્યાં ........ 67
32. કનાની સ્ત્રીની દીકરીનું સાજા થવું ........ 69
33. ભૂતો વળગેલ એક માણસ ........ 71
34. હોસાન્ના ........ 73
35. ઈસુ શિષ્યોના પગ ધુએ છે ........ 75
36. દગો કરી ઈસુને પકડાવ્યા ........ 77
37. ઈસુની ચકાસણી ........ 79
38. ઈસુનું વધસ્તંભે જડાવવું ........ 81
39. પુનરુત્થાન ........ 83
40. ઈસુનું શિષ્યોને દર્શન ........ 85

# પાઠ - 1
# ઉત્પત્તિ અને માણસનું પતન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 1 થી 3 અધ્યાય

**પાઠનો ઉદ્દેશ :** એમ શીખવો કે ઈશ્વર સારું કરે છે ભૂંડું નહીં.

**પાઠનું આયોજન**

**જગત અને માણસના પતનની વાર્તા દ્વારા શીખવો** – 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ઉત્પત્તિ 1:27

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ :**

તમારી આજુબાજુ તમે જે કંઈ સૃષ્ટિની રચનાઓ જુઓ છો તે સઘળું ઈશ્વરે ઉત્પન્ન કર્યું છે. બાઈબલ કહે છે, "આદીએ (આરંભમાં) દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા (ઉત્પત્તિ 1:1) બાઈબલ જ એક એવું પુસ્તક છે જે આખી પૃથ્વીના સર્જનની વાત ક્રમાનુસાર વર્ણવે છે.

**પૃથ્વીની ઉત્પત્તિનું વર્ણન :**

ઈશ્વરે આ મુજબ ઉત્પન્ન કર્યું.

પ્રથમ દિવસ : અજવાળું, દિવસ અને રાત

બીજો દિવસ : આકાશ

ત્રીજો દિવસ : સમુદ્ર, પૃથ્વી તથા ઝાડ

ચોથો દિવસ : સૂર્ય, ચંદ્ર તથા તારા

પાંચમો દિવસ : પાણીમાં માછલીઓ તથા આકાશના પક્ષી

છઠ્ઠો દિવસ : પૃથ્વી પર દરેક પ્રકારના પશુ

સાતમો દિવસ : પરમેશ્વરે આરામ કર્યો તથા સાતમા દિવસને આશીર્વાદ આપ્યો

**આદમ તથા હવાની સૃષ્ટિ :**

છઠ્ઠા દિવસે ઈશ્વરે પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે મનુષ્યને બનાવ્યો. ઈશ્વરે માણસને ભૂમિની માટીમાંથી બનાવ્યો. અને તે એક જીવતું પ્રાણી બની ગયો. અને ઈશ્વરે તેનું નામ આદમ રાખ્યું. પછી ઈશ્વરે તેને એદન નામના એક સુંદર બાગમાં રાખ્યો. ઈશ્વરે કહ્યું "આદમ એકલો રહે તે સારું નથી હું તેને સારું એક એવી સહાયકારી સૃજાવીશ જે તેની સાથે અનુકૂળ થઈને રહે." તે મુજબ ઈશ્વરે આદમને ભરઊંઘમાં નાખ્યો. જ્યારે તે ઊંઘમાં હતો ત્યારે ઈશ્વરે તેની એક પાંસળી કાઢી અને તેમાંથી એક સ્ત્રી બનાવી. આદમે તેનું નામ હવા પાડ્યું.

**એદનવાડી :**

ઈશ્વરે એદનવાડીની પૂર્વમાં એક ઝાડ ઉગાવ્યું હતું. ઈશ્વરે આદમ અને હવાને ત્યાં રાખ્યા. ઈશ્વરે જમીનમાં દરેક પ્રકારના વૃક્ષો ઉગાડ્યા. વાડીની મધ્યમાં બે વૃક્ષો હતા.

1. જીવનનું વૃક્ષ    2. ભલું ભૂંડું જાણવાનું વૃક્ષ

વાડીના પોષણ માટે એદનબાગમાંથી એક નદી વહેતી હતી. આ નદી વાડીની અંદર ચાર ભાગમાં વિભાજિત હતી.

1. પીશોન    2. ગીહોન

3. હીદેકેલ    4. ફ્રાત

**માણસનું પતન :**

એદનવાડીમાં આદમ અને હવા ઈશ્વર સાથે સંગતનો આનંદ માણી રહ્યા હતા. ઈશ્વરે આદમને કહ્યું હતું કે, વાડીમાંના હરેક વૃક્ષનું ફળ તમારે ખાવું પરંતુ ભલું ભૂંડું જાણવાના વૃક્ષનું ફળ ન ખાવું. જે દિવસે તેઓ ભલું ભૂંડું જાણવાના વૃક્ષનું ફળ ખાશે તે જ દિવસે તેઓ મરશે જ મરશે.

વાડીમાંના બધા જ પશુઓમાં સાપ સૌથી વધારે ચાલાક હતો. એક દિવસ સાપ હવા પાસે આવીને તેની પરીક્ષા કરે છે કે ઈશ્વરે ના પાડેલા વૃક્ષનું ફળ તે ખાય છે કે નહીં. હવાએ એ વૃક્ષનું ફળ ખાધું તથા આદમને પણ આપ્યું. આ રીતે આદમ અને હવાએ ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું અને ઈશ્વરની વિરુદ્ધ પાપ કર્યું. તેઓને લાગ્યું કે આપણે નાગા છીએ. ઈશ્વર આદમ અને હવાથી નારાજ થયા. ઈશ્વરે તેમને, સાપને તથા ભૂમિને શ્રાપ આપ્યો. ઈશ્વરે આદમ અને હવા માટે ચામડાના વસ્ત્રો બનાવીને તેઓને પહેરાવ્યાં. ઈશ્વરે તેઓને વાડીની બહાર કાઢી મૂક્યાં. તથા જીવનના વૃક્ષનું રક્ષણ કરવા માટે વાડીની પૂર્વમાં કરૂબો તથા ચોતરફ ફરનારી અગ્નિરૂપી તલવાર મૂકી.

**ખાલી જગ્યા પૂરો :**

1. એદનવાડીની ચાર નદીઓના નામ ............ , ............ , ............ અને ............ હતા.
2. વાડીની મધ્યમાં ............ ઝાડ હતા. અને તેમના નામ ............ અને ............ હતા.
3. પૃથ્વીની ઉત્પત્તિ ક્રમ અનુસાર લખો. ..............................................
4. ઈશ્વરે આદમ અને હવાને વાડીની બહાર કાઢી મૂક્યા એનું કારણ એ હતું કે ........................
5. મને આ વાર્તાથી શીખવા મળ્યું કે ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 2
# ઈશ્વરનો નૂહ સાથે કરાર

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 6-9

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને ઉત્તેજન આપવું કે તેઓ ઈશ્વર સાથે ચાલે.

**પાઠનું આયોજન**

**ઈશ્વર અને નૂહની વાર્તા દ્વારા શીખવો –** 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ઉત્પત્તિ 6:9

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

નૂહ તેના સમયમાં ધાર્મિક અને પ્રામાણિક માણસ હતો. અને તે ઈશ્વરની સાથે ચાલતો હતો. પરંતુ તેની પેઢીના લોકો બહુ જ દુષ્ટ અને ઈશ્વરની આજ્ઞા ન માનનારા હતાં. નૂહ આદમ પછી દસમી પેઢીમાં જન્મ્યો હતો. તેને ત્રણ દીકરા હતા એટલે શેમ, હામ અને યાફેથ.

**નૂહ અને વહાણ :**

જ્યારે ઈશ્વરે પૃથ્વી પર માણસની દુષ્ટતા જોઈ ત્યારે તેમનું હૃદય દુઃખથી ભરાઈ ગયું. માણસને ઉત્પન્ન કર્યો તે ખોટું કર્યું એવું ઈશ્વરને લાગ્યું. પરંતુ નૂહના જીવનથી ઈશ્વર ખુશ હતા. ઈશ્વરે નક્કી કર્યું કે બધા જ દુષ્ટ લોકોનો વિનાશ એક મોટા જળપ્રલય દ્વારા કરવો. ઈશ્વરે નૂહને આજ્ઞા કરી કે જે મારી વાતો માને છે તેઓને બચાવવા માટે તું એક વહાણ તૈયાર કર. આ વહાણને દેવદારના લાકડામાંથી બનાવ. આ વહાણનું માપ ઈશ્વરે નૂહને આ મુજબ બતાવ્યું : લંબાઈ 450 ફૂટ, પહોળાઈ 75 ફૂટ તથા ઊંચાઈ 45 ફૂટ. વહાણના ત્રણ માળ કર. વળી એક બારી અને એક દરવાજો રાખ. વહાણની અંદર તથા બહાર ડામર ચોપડ. ઈશ્વરે જેમ આજ્ઞા કરી તે મુજબ નૂહે વહાણ બનાવ્યું.

**જળ પ્રલય :**

નૂહ, તેની પત્ની, તેના ત્રણ પુત્રો અને ત્રણ વહુઓ (પુત્રવધુઓ)એ વહાણમાં પ્રવેશ કર્યો. દરેક પ્રકારના પક્ષી, પશુ અને જીવજંતુઓની એક-એક જોડ નૂહ પાસે આવ્યા અને વહાણમાં પ્રવેશ કર્યો. નૂહે પોતાના કુટુંબ માટે તેમજ જાનવરો માટે દરેક પ્રકારના ભોજનને એકઠું કરી વહાણમાં ચઢાવ્યું. ઈશ્વરે પોતે વહાણનો

દરવાજો બંધ કર્યો. ચાળીસ દિવસ અને ચાળીસ રાત સતત વરસાદ પડ્યો. પાણી વધુ ને વધુ ભરાવા લાગ્યા અને પૃથ્વી પર પાણીનું સ્તર વધુ ઊંચું થયું. જેથી પહાડો પણ પાણીમાં ડૂબી ગયા. દરેક સજીવ વસ્તુ તથા પ્રાણી પૃથ્વી પર મરી ગયા. માત્ર નૂહ તેનું કુટુંબ તથા પશુ-પંખી જે તેની સાથે વહાણમાં હતા તે બધા બચી ગયા. જ્યારે પૃથ્વી પર પાણીનું સ્તર ઓછું થયું ત્યારે વહાણ અરારાટ પર્વતના ટેકે આવીને ઊભું રહ્યું. આ લોકો આશરે એક વર્ષ અને સત્તર દિવસ વહાણમાં રહ્યા હતા. જ્યારે જમીન પૂરેપૂરી રીતે સૂકાઈ ગઈ ત્યારે નૂહ તેનું કુટુંબ અને તેની સાથેના બધા જ જીવજંતુઓ વહાણની બહાર આવ્યા. પછી નૂહે ઈશ્વર માટે એક વેદી બનાવી અને તેના પર બલિદાન ચઢાવ્યું. ઈશ્વર ખૂબ જ પ્રસન્ન થયા.

**કરાર (વચન) :**

ઈશ્વરે નૂહ અને તેના પુત્રોને કહ્યું કે ''હું મારો કરાર તમારી સાથે કરું છું અને વચન આપું છું કે હવે ફરી કદી હું પૃથ્વીનો નાશ જળપ્રલયથી કરીશ નહીં.'' વળી ઈશ્વરે ફરીથી તેઓને કહ્યું કે ''હું આકાશમાં ચિહ્ન તરીકે મેઘધનુષ્ય મૂકું છું. જે મારી અને તમારી વચ્ચે મેં આપેલ વચનના ચિહ્ન તરીકે સદા રહેશે.''

**ખાલી જગ્યા પૂરો :**

1. નૂહના દીકરાઓના નામ ............. , ............. અને ............. હતા.
2. ઈશ્વર માણસ જાતને પૃથ્વી પરથી શા માટે નાશ કરવા માંગતા હતા ? ..............................
   ..................................................................................
3. નૂહના વહાણનું માપ આ મુજબ હતું. ............. ............. .............. વહાણ બનાવવા માટે ............. ઝાડના લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
4. ઈશ્વરે નૂહ સાથે જે કરાર કરીને વચન આપ્યું એનું ચિહ્ન ............. હતું.
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 3
# ઈબ્રાહિમ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 11:27 – 12:1-9

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને આજ્ઞા પાળવા સંબંધી શિક્ષણ આપો.

**પાઠનું આયોજન**

**ઈબ્રાહિમની વાર્તા શીખવો** – 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ઉત્પત્તિ 12:4

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### ઈબ્રાહિમનું કુટુંબ :

તેરાહ નામનો માણસ ઉર નામના શહેરમાં રહેતો હતો. તેને ત્રણ દીકરા હતા – ઈબ્રામ, નાહોર તથા હારાન. ઈબ્રામે સારાય સાથે લગ્ન કર્યા. સારાય વાંઝણી હોવાથી તેમને કંઈ સંતાન ન હતું. ઈબ્રામનો ભત્રીજો લોત પણ તેઓની સાથે રહેતો હતો.

### ઈબ્રામનું તેડું :

ઉર શહેરમાં ઈશ્વરે એક દિવસ ઈબ્રામને દર્શન આપ્યું. ઈશ્વરે કહ્યું "તારો દેશ તથા તારા બાપનું ઘર અને તારા લોકો અને સગાવહાલાંને મૂકી દે અને હું તને દેખાડું તે દેશમાં તું જા." ઈબ્રામે વિશ્વાસ કર્યો અને ઈશ્વરની આજ્ઞા પાળી અને તે મુજબ ઈબ્રામ અને સારાય પોતાનો દેશ મૂકી દે છે. તેમનો ભત્રીજો લોત પણ તેમની સાથે ગયો. ઈશ્વરની આજ્ઞાનું પાલન કર્યું તે કારણને લીધે ઈશ્વરે ઈબ્રામને આશીર્વાદિત કરવાની પ્રતિજ્ઞા કરી અને તેને વિશ્વાસીઓનો પિતા બનાવ્યો. ઈશ્વરે ઈબ્રામને દર્શન દીધું તે પહેલાં, ઈબ્રાહિમનું નામ ઈબ્રામ હતું તથા સારાનું નામ સારાય હતું પરંતુ ઈશ્વરે બન્નેને આ નવું નામ આપ્યું - ઈબ્રાહિમ અને સારા.

### ઈબ્રાહિમના આશીર્વાદો :

1. હું તારાથી એક મોટી કોમ (રાષ્ટ્ર) ઉત્પન્ન કરીશ ને તને આશીર્વાદ દઈશ.
2. હું તારું નામ મોટું કરીશ અને તું આશીર્વાદનું મૂળ થઈશ.

3. જેઓ તને આશીર્વાદ આપશે તેઓને હું આશીર્વાદ આપીશ.

4. જેઓ તને શ્રાપ આપે તેઓને હું શ્રાપ આપીશ.

5. તારામાં પૃથ્વીના સર્વ કુટુંબ આશીર્વાદ પામશે.

ઈબ્રાહિમ એકસો પંચોતેર (175) વર્ષનો થઈને મરી ગયો.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈબ્રાહિમ ............. માં રહેતો હતો.
2. ઈબ્રાહિમના પિતાનું નામ ............. હતું.
3. લોત કોણ હતો ? ........................
4. ઈબ્રાહિમના પાંચ આશીર્વાદ લખો. ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 4
# ઈબ્રાહિમની પરીક્ષા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 22:1-19

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વર ઉપર દઢ વિશ્વાસ રાખવા માટે બાળકોને ઉત્તેજન આપો.

**પાઠનું આયોજન**

**ઈબ્રાહિમના વિશ્વાસની વાર્તા શીખવો** – 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ઉત્પત્તિ 15:6

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### ઈસહાકનો જન્મ

ઈબ્રાહિમ અને સારાને કંઈ સંતાન ન હતું. એક દિવસ ઈશ્વરે તેમને દર્શન આપીને દીકરો આપવાનું વચન આપ્યું. ઈશ્વરે વચન આપ્યું ત્યારે ઈબ્રાહિમ 75 વર્ષનો હતો. વચન મુજબ તેઓને ઘરે પુત્રનો જન્મ થયો. તે સમયે ઈબ્રાહિમ 100 વર્ષનો અને સારા 90 વર્ષની હતી. આમ દીકરો મેળવવા માટે તેમને 25 વર્ષ રાહ જોવી પડી. દીકરાના જન્મથી તેઓ ખૂબ જ આનંદમાં જીવતા હતા. તેઓએ આ દીકરાનું નામ ઈસહાક પાડ્યું જેનો અર્થ ‘‘હર્ષ’’ થાય છે.

### મોરિયા દેશમાં ઈબ્રાહિમ અને ઈસહાક :

ઈબ્રાહિમ અને સારા તેમને વચન તરીકે મળેલ પુત્ર ઈસહાક સાથે જીવન જીવીને આનંદ પ્રાપ્ત કરતાં હતાં. ઈસહાક તેમના માતા-પિતાને ખૂબ જ વફાદાર અને આજ્ઞાંકિત હતો. ઘરના સઘળાં તેને પ્રેમ કરતા હતા, અને તેનું ખૂબ જ ધ્યાન રાખતા હતા. એક દિવસ ઈશ્વરે ઈબ્રાહિમને કહ્યું, ‘‘તારો દીકરો, તારો એકનો એક દીકરો ઈસહાક જેના પર તું પ્રીતિ કરે છે, તેને લઈને મોરિયા દેશમાં ચાલ્યો જા; અને ત્યાં જે પર્વતો હું તને બતાવું તેઓમાંના એક પર તું તેનું દહનાર્પણ કર.’’ ઈબ્રાહિમ મોટી સવારે ઊઠ્યો અને ગધેડા પર જીન બાંધ્યું. પોતાના જુવાનોમાંથી બેને તથા પોતાના દીકરા ઈસહાકને તેમજ દહનાર્પણને સારું લાકડા લીધા. ને મોરિયા દેશ તરફ નીકળ્યો. ત્રીજા દિવસે તે પર્વતની નજીક પહોંચ્યો. પર્વતની તળેટીમાં નોકરો તથા

ગધેડાને મૂકીને ઈબ્રાહિમ અને ઈસહાક બલિદાન માટે ઉપર ગયા. ઈબ્રાહિમ અને ઈસહાક એકસાથે બલિદાનના સ્થળ તરફ જઈ રહ્યા હતા ત્યારે ઈસહાકે તેના પિતાને પૂછ્યું કે, "અગ્નિ તથા લાકડા તો છે પણ દહનાર્પણને સારું ઘેટું ક્યાં છે ?" ઈબ્રાહિમે જવાબ આપ્યો કે, "દહનાર્પણને વાસ્તે દેવ ઘેટું પૂરું પાડશે."

**ઈશ્વરની વ્યવસ્થા :**

જે જગા વિશે દેવે તેને કહ્યું હતું, ત્યાં તેઓ પહોંચ્યાં; ત્યાં ઈબ્રાહિમે વેદી બાંધી, ને લાકડા સિંચ્યાં ને પોતાના દીકરા ઈસહાકને બાંધીને વેદી પરના લાકડાં ઉપર તેને મૂક્યો પછી તેના દીકરાને મારવાને છરો લીધો. ત્યારે ઈશ્વરના દૂતે ઈબ્રાહિમને હાંક મારીને કહ્યું, "ઈબ્રાહિમ, ઈબ્રાહિમ" ઈશ્વરે કહ્યું, તારો હાથ છોકરા પર ન નાખ, ને તેને કંઈ ન કર, તેં તારા દીકરાને, તારા એકના એક દીકરાને મારાથી પાછો રાખ્યો નથી તેથી હું જાણું છું કે તું દેવથી બીહે છે." ઈબ્રાહિમે આંખો ઊંચી કરીને જોયું તો જુઓ પછવાડે એક ઘેટો ઝાડીમાં શીંગડાએ ભરાયેલો હતો. ઈબ્રાહિમે જઈને તે ઘેટાંને લીધો ને પોતાના દીકરાને બદલે તેનું બલિદાન કર્યું. આ જગ્યાનું નામ ઈબ્રાહિમે યહોવાહ-યિરેહ પાડ્યું, જેનો અર્થ એ થાય છે કે યહોવાહ પૂરું પાડે છે. ઈશ્વર ઈબ્રાહિમની આધીનતા પરખવા માંગતા હતા. તેથી ઈશ્વરે તેને તેના દીકરાનું બલિદાન આપવા કહ્યું હતું. ઈબ્રાહિમ ઈસહાકનું બલિદાન આપવા તૈયાર થઈ ગયો કારણકે તે ઈશ્વર પર સંપૂર્ણ ભરોસો રાખનાર હતો. તેને ખબર હતી કે ઈસહાક મરી જાય તો ઈશ્વર તેને જીવતો કરવા માટે શક્તિમાન છે. ઈશ્વર ઈબ્રાહિમ પર પ્રસન્ન થયા અને તેને પુષ્કળ આશીર્વાદ આપ્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસહાક શબ્દનો અર્થ ............. થાય છે.
2. ઈશ્વરે ઈબ્રાહિમને શું કરવાનું કહ્યું ? ..................................................
3. "યહોવાહ-યિરેહ" આ શબ્દનો અર્થ ............. થાય છે.
4. ઈબ્રાહિમે ઈસહાકનું બલિદાન ............. ઉપર કર્યું.
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 5
# યાકૂબે ઈસહાકનો આશીર્વાદ મેળવ્યો

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ અધ્યાય 27

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે આપણે કોઈને છેતરવા ન જોઈએ.

**પાઠનું આયોજન**

**યાકૂબ અને તેના બાળકોની વાર્તા કહો** – 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** નીતિવચન 24:28

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ઈસહાક તથા એસાવ :

ઈસહાક અને રીબકાને બે દીકરા હતા. મોટો દીકરો એસાવ અને નાનો દીકરો યાકૂબ હતો. ઈસહાક ઘણો જ વૃદ્ધ થઈ ગયો ને તેની આંખોનું તેજ ઘટી ગયું હતું. એક દિવસ ઈસહાકે તેના મોટા દીકરા એસાવને બોલાવીને કહ્યું કે, ‘‘મારે સારું શિકાર મારી લાવ અને મને ભાવે છે તેવું સ્વાદિષ્ટ ખાવાનું તૈયાર કર, કે હું ખાઈને મરવા અગાઉ તને આશીર્વાદ આપું.’’ હવે એસાવ એક શિકારી હતો. તેથી તે શિકાર કરવા જંગલમાં ચાલી નીકળ્યો. જેથી તે પોતાના પિતાને સારું સ્વાદિષ્ટ ભોજન તૈયાર કરી શકે.

### રીબકા અને યાકૂબ :

ઈસહાક અને એસાવે જે વાતચીત કરી તે રીબકાએ કાનોકાન સાંભળી. તે એસાવ કરતા યાકૂબ ઉપર વધારે પ્રેમ કરતી હતી. તે ઈચ્છતી હતી કે એસાવને જે આશીર્વાદ મળવાનો હતો તે એસાવને બદલે યાકૂબને મળે. યાકૂબ બકરીના બે લવારા લાવ્યો અને ઈસહાકની પસંદ મુજબનું ભાવતું ભોજન તૈયાર કર્યું. રીબકાએ એસાવના સારામાં સારા કપડા યાકૂબને પહેરાવ્યા. અને યાકૂબના હાથ અને ગરદનનાં ભાગ પર બકરાનું ચામડું પહેરાવી દીધું.

**યાકૂબ એસાવની નકલ કરે છે :**

તેની માએ તૈયાર કરેલ સ્વાદિષ્ટ ભોજન લઈને યાકૂબ તેના ભાઈ એસાવની પહેલાં તેના પિતા ઈસહાક પાસે જાય છે અને ઢોંગ કરીને કહે છે કે, ''હું તારો મોટો પુત્ર એસાવ છું. તેં મને જેમ કહ્યું હતું તે મુજબ મેં કર્યું છે. હવે કૃપા કરીને આ ભોજન ખાઈને મને આશીર્વાદ આપો.'' ઈસહાકે યાકૂબને સ્પર્શ કર્યો અને કહ્યું કે ''અવાજ યાકૂબનો સંભળાય છે પરંતુ હાથ એસાવ જેવા છે.'' યાકૂબ દ્વારા લાવવામાં આવેલ ભોજન ઈસહાકે ખાધું અને તેને આશીર્વાદ આપ્યો. જ્યારે એસાવ શિકાર કરીને પાછો ફર્યો ત્યારે તેને ખબર પડી કે યાકૂબે એને દગો કરીને ઈસહાક પાસેથી આશીર્વાદ પડાવી લીધો છે. યાકૂબ ઉપર તેને ખૂબ જ ક્રોધ ચઢ્યો અને તે હતાશ થયો. તે તેના ઉપર ઈર્ષા કરવા લાગ્યો. એક દિવસ તક જોઈને તે યાકૂબને મારી નાખવા ધારતો હતો પણ રીબકાએ યાકૂબને સલાહ આપી અને ચેતવી દીધો કે તું તારા મામા લાબાનને ત્યાં પાદાનારામમાં જતો રહે.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસહાક અને રીબકાના દીકરાઓનાં નામ ............. અને ............. હતા.
2. એસાવ ................. નું કામ કરતો હતો.
3. રીબકા શું ઈચ્છતી હતી ? ..................................................................
4. એસાવ યાકૂબ પર કયા કારણસર ક્રોધે ભરાયો ? ........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 6
# યૂસફનું સ્વપ્ન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 37:1-36

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે બીજાઓના આશીર્વાદની ઈર્ષા ન કરે.

**પાઠનું આયોજન**

**યૂસફ અને તેના સ્વપ્નની વાર્તા કહો** – 25 મિનિટ

**આના ચિત્ર બતાવો.**

**અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગલાતીઓને પત્ર 5:26

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**યૂસફનું પહેલું સ્વપ્ન :**

યાકૂબને ઘણા દીકરાઓ હતા પરંતુ યૂસફ તેને વૃદ્ધાવસ્થામાં થયેલ દીકરો હોવાથી તે યૂસફ પર વધારે પ્રેમભાવ રાખતો હતો. આ કારણે યૂસફના બીજા ભાઈઓ યૂસફ પર ઈર્ષા કરવા લાગ્યા. એક દિવસે રાત્રે યૂસફને સ્વપ્ન આવ્યું જે તેણે કુટુંબીજનોને કહી સંભળાવ્યું. સ્વપ્ન એવું હતું કે તેના ભાઈઓની પૂળીઓ યૂસફની પૂળીની આગળ નમી. આ સાંભળીને તેનું આખું કુટુંબ યૂસફ પર ગુસ્સે થયું. તેઓ જોરજોરથી બોલીને કહેવા લાગ્યા કે, “શું તું ખરેખર અમારા પર રાજ કરશે ?” ત્યાર પછી તેના ભાઈઓ યૂસફ પર વધારે દ્વેષ કરવા લાગ્યા.

**યૂસફનું બીજું સ્વપ્ન :**

થોડા દિવસો પછી યૂસફને એક બીજું પણ સ્વપ્ન આવ્યું. તેણે જોયું કે સૂરજ, ચંદ્ર અને તારાઓ તેની આગળ નમીને પ્રણામ કરે છે. યૂસફે આ સ્વપ્ન પણ કુટુંબીજનો આગળ કહી સંભળાવ્યું. આ વાતને લીધે તેના પિતાને પણ ગુસ્સો આવ્યો. તેમણે કહ્યું, “શું હું, તારી મા તથા તારા બધા જ ભાઈઓ તારી આગળ નમીશું શું ?” આ વાતથી તેના ભાઈઓનો ગુસ્સો વધુ થયો તેઓ તેને મારી નાખવા ઈચ્છતા હતા.

**યૂસફ ખાડામાં :**

યાકૂબે યૂસફને તેના ભાઈઓની ખબર કાઢવા માટે તેઓની પાસે મોકલ્યો, જેઓ ઘરેથી દૂર જંગલમાં ગયા હતાં. તે તેઓની ખબર કાઢવા ગયો, ત્યારે તેના ભાઈઓએ તેને દૂરથી આવતો જોયો અને તેને મારી નાખવાની યોજના વિચારવાનું શરૂ કર્યું. આ વાતચીત તેના સૌથી મોટા ભાઈ રૂબેને સાંભળી ત્યારે તેણે એવી સલાહ આપી કે આપણે તેને મારી ન નાખીએ પરંતુ ખાડામાં નાખી દઈએ. બધા જ ભાઈઓએ ભેગા થઈને તેને ખાડામાં નાખી દીધો.

પછી તેઓએ કેટલાક વેપારીઓને મિસર તરફ જતા જોયા. તેથી તેઓએ યૂસફને ખાડામાંથી બહાર કાઢીને આ વેપારીઓને વેચી દીધો. તેઓએ વિચાર્યું કે હવે યૂસફનો અંત આવી ગયો છે. તેઓએ યૂસફના કપડા કોઈ જાનવરના લોહીમાં પલાળ્યા અને આ લોહીવાળા કપડા તેમના પિતાને બતાવ્યાં. આ વાતથી યાકૂબ ખૂબ જ દુ:ખી થયો.

**ખાલી જગ્યા પૂરો :**

1. યાકૂબ શા માટે યૂસફને વધારે પ્રેમ કરતો હતો ? ................................................
2. યૂસફના સ્વપ્નનો શો અર્થ થાય છે ? ................................................
3. એના સ્વપ્ન વિશે સાંભળીને તેના પિતાએ કેવો પ્રતિભાવ આપ્યો ?
4. તેના સ્વપ્ન વિશે સાંભળીને તેના ભાઈઓએ કેવો પ્રતિભાવ આપ્યો ?
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 7
# મૂસા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 2:11-25

**પાઠનો ઉદ્દેશ :** ગુસ્સો કરવો સારો નથી એ બાબત બાળકોને સમજાવો.

**પાઠનું આયોજન**

**મૂસાની વાર્તા દ્વારા શીખવો** – 25 મિનિટ

**આના ચિત્ર બતાવો.**

**અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યાકૂબ 1:19-20

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**મૂસા એક મિસરીની હત્યા કરે છે :**

ફારુનની પુત્રીએ મૂસાને પાણીમાંથી બહાર કાઢ્યો અને મૂસાને મોટો કર્યો. જ્યારે તે મોટો થયો ત્યારે તેને ખબર પડી કે તે પોતે મિસરી નથી પરંતુ ઈસ્રાએલી પુરુષ છે. તેને ખબર પડી ગઈ કે મિસરમાં દુઃખ ઉઠાવી રહેલા ઈસ્રાએલીઓમાંનો જ હું એક છું. તેને એ પણ ખબર પડી કે મિસરીઓ ઈસ્રાએલીઓ ઉપર અત્યાચાર કરે છે. એક દિવસ મહેલની બહાર આવીને મૂસાએ જોયું કે ઈસ્રાએલીઓ પાસે વેઠ કરાવવામાં આવે છે. ત્યારબાદ તેણે જોયું કે એક મિસરી વ્યક્તિ ઈસ્રાએલી વ્યક્તિને માર મારી રહ્યો હતો. આ જોઈને મૂસા ગુસ્સે ભરાયો અને તેણે પેલા મિસરીની હત્યા કરી નાખી. અને તેની લાશને રેતીમાં સંતાડી દીધી.

**મૂસા ભાગીને મિદ્યાનમાં ગયો :**

જ્યારે મૂસાએ જોયું કે બે ઈસ્રાએલીઓ અંદરોઅંદર લડતા હતા તેથી તેણે જઈને તેઓને લડતા રોકવા પ્રયત્ન કર્યો કારણકે મૂસા પોતે પણ ઈસ્રાએલી હતો. તેમાંના એકે કહ્યું કે "અમારા ઉપર તને ન્યાયાધીશ કોણે નીમ્યો. જેવી રીતે તેં પેલા મિસરીને મારી નાખ્યો તેવી રીતે શું તું મને પણ મારી નાખવા ચાહે છે ?" આ સાંભળીને મૂસા ખૂબ જ ગભરાઈ ગયો. તેને લાગ્યું કે ખૂનની જાણ આ વ્યક્તિને થઈ ગઈ છે. ત્યારબાદ હારુન રાજાને પણ આ વાતની જાણ થઈ. અને તેણે મૂસાને મારી નાખવાનો નિર્ણય કર્યો. આ કારણને લીધે મૂસા મિસર છોડીને મિદ્યાનમાં ભાગી ગયો.

**મૂસા મિદ્યાનમાં :**

મૂસા અરણ્યમાં એક કૂવાની પાસે જઈને બેઠો, જ્યારે તે ત્યાં બેઠો હતો ત્યારે તેણે જોયું કે કેટલીક સ્ત્રીઓ એ કૂવે પાણી ભરવાને માટે આવી રહી છે. જેઓ આ સ્ત્રીઓને હેરાન કરતા હતા તેઓને મૂસાએ નસાડી દીધા અને આ સ્ત્રીઓને કૂવામાંથી પાણી કાઢવા મદદ કરી. આ સ્ત્રીઓએ આ વાત તેમના પિતાની આગળ કરી, અને તેણે મૂસાને ઘરે તેડાવ્યો. ત્યાર પછી મૂસા આ બધી સ્ત્રીઓમાંની એક એટલે શિપોરાહ નામની સ્ત્રી સાથે લગ્ન કરે છે. તેનાથી તેને એક પુત્ર થાય છે જેનું નામ તેમણે ગેર્શોમ પાડ્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. મૂસાને તેના પોતાના વિશે કઈ ખબર પડી ? ..........................................................
2. એક મિસરીને એક ઈસ્રાએલીને મારતો જોઈને મૂસાએ શું કર્યું ? ..................................
3. મૂસા મિદ્યાનમાં ભાગી ગયો, કારણકે ......................................................................
4. મિદ્યાન પહોંચીને મૂસાએ શું કર્યું ? ............................................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .............................................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 8
# મૂસા તથા ફારુન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 5.7:1-12

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વરની આજ્ઞા ઉથાપવી નહીં.

**પાઠનું આયોજન**

**મૂસા તથા ફારુનની વાર્તા દ્વારા શીખવો** – 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 1 શમુએલ 15:22

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**મૂસાની પહેલી મુલાકાત :**

મૂસા જ્યારે જંગલમાં હતો ત્યારે ઈશ્વરે તેને મિસરમાં પાછો જવાનું કહ્યું. તે હારુનની સાથે ફારુનને મળવા ગયો. તેણે ફારુનને કહ્યું કે, ઈસ્રાએલીઓને તેમના ઈશ્વરનું ભજન કરવા માટે રજા આપવામાં આવે. ફારુને જવાબ આપ્યો કે હું ઈસ્રાએલીઓને મિસરની બહાર કદી જવા દઈશ નહીં. એમ કહીને તેણે રજા આપવાની ના પાડી. મૂસાએ ફારુનને ફરીથી વિનંતી કરી કે ઈસ્રાએલીઓને જંગલમાં ત્રણ દિવસ માટે જવા દો. જેથી તેઓ ઈશ્વરને અર્પણ ચઢાવી શકે. ફારુને જવાબ આપ્યો કે મૂસા લોકોને કામ કરતા રોકી દેવાની યોજના બનાવી રહ્યો છે.

**મુશ્કેલીઓમાં વધારો :**

મૂસાની વાત સાંભળ્યા પછી ફારુને નક્કી કર્યું કે આ ઈસ્રાએલીઓ ઉપર કામનો બોજો વધારી દેવો જેથી આ બધી બાબતો વિચારવાનો સમય તેમને મળે નહીં. આ લોકો ઉપર મૂકેલ મુકાદમોને રાજાના કહેવાથી હુકમ કરવામાં આવ્યો કે ઈસ્રાએલીઓને પરાળ આપવામાં ન આવે, પરંતુ ઈંટો તો પહેલાના જેટલી જ બનાવે. આ વાતને લીધે ઈસ્રાએલીઓ મૂસા અને હારુન વિરુદ્ધ ક્રોધે ભરાયા. ત્યારે મૂસાએ ઈશ્વરને ફરિયાદ કરી કે શા માટે આ લોકો ઉપર વિપત્તી આવી પડી છે.

**ફારુન સમક્ષ ચમત્કારો :**

ઈશ્વરે ફરીથી મૂસાને ફારુન આગળ જવા કહ્યું ઈશ્વરની આજ્ઞા મુજબ મૂસા અને હારુન ઈશ્વરે બતાવેલ ચમત્કારો કરી બતાવે છે. ફારુનના કહેવાથી મૂસા આ ચમત્કારો કરે છે. હારુન, ફારુન તથા તેના અધિકારીઓની હાજરીમાં મૂસા લાકડીને જમીન પર ફેંકે છે એટલે લાકડી સાપ બની જાય છે. પછી ફારુનના જાદુગરો પણ આ રીતે સાપ બનાવે છે. પરંતુ હારુનનો સાપ બીજા બધા સાપને ગળી જાય છે. આમ છતાં ફારુન તેમનું સાંભળતો નથી. તેથી ઈશ્વર ઈસ્રાએલીઓને છોડાવવા માટે મિસર પર દસ અનર્થો મોકલે છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. ફારુન મૂસાનું સાંભળવા માંગતો ન હતો કારણકે ........................................
2. મૂસાને મળ્યા પછી ઈસ્રાએલીઓ પ્રત્યે ફારુનનું વલણ કેવું હતું ? ........................................
3. ફારુન સામે મૂસાએ કયો ચમત્કાર કર્યો ? ........................................
4. ઈશ્વરે ફારુનના રાજ્ય પર દસ અનર્થો મોકલ્યા. કારણકે........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 9

# ઈસ્રાએલીઓ અરણ્યમાં

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 15:22-17:7, ગણના 11:4-33

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વરનો આભાર માનવો, કચકચ કરવી નહીં.

**પાઠનું આયોજન**

**અરણ્ય મધ્યે ઈસ્રાએલીઓના અનુભવોની વાર્તા કહો** – 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 1 થેસ્સલોનિકીઓ 5:18

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**મારાહ અને એલીમનું પાણી :**

લાલ સમુદ્ર ઓળંગ્યા પછી જ્યારે ઈસ્રાએલીઓ જંગલમાં પહોંચ્યા ત્યારે ત્રણ દિવસ સુધી તેમને પાણી મળ્યું નહીં. અને તેઓ આગળ ચાલીને મારાહ પહોંચ્યાં. જ્યાં પાણી જોઈને તેઓ ખુશ થયા પરંતુ આ પાણી કડવું હતું. તેઓએ ગુસ્સે થઈને મૂસાને ફરિયાદ કરી કે તેઓને ખૂબ જ તરસ લાગી છે. તેથી મૂસાએ ઈશ્વરને પોકાર કર્યો અને ઈશ્વરે મૂસાને એક છોડ બતાવ્યો અને કહ્યું કે તેને તું પાણીમાં નાખ. એવું કરવાથી પાણી મીઠા થઈ ગયાં. અને તેઓએ આનંદથી પીધું. ત્યારપછી તેઓ એલીમ પહોંચ્યાં જ્યાં તેમને પાણીના બાર ઝરા તથા સિત્તેર ખજૂરીઓ મળી આવી.

**માન્ના અને લાવરીઓ :**

ત્યારપછી ઈસ્રાએલીઓ સીનના અરણ્યમાં પહોંચ્યાં, જ્યાં તેઓએ કચકચ કરવાની શરૂ કરી. કારણકે તેમની પાસે ખાવાનું ન હતું. ઈશ્વરે તેમને ખોરાક આપવાનું વચન આપ્યું અને તે મુજબ ઈશ્વરે તેમને ખાવા માટે માન્ના પૂરું પાડ્યું. ઈસ્રાએલીઓની છાવણીની આસપાસની જમીન પર ખુલ્લા મેદાનમાં ઝાકળ પડ્યું અને ઝાકળ ઊડી ગયા પછી માન્ના પડતું હતું. દરરોજ સવારે ઊઠીને ઈસ્રાએલીઓનું પ્રત્યેક કુટુંબ એક દિવસની (રોજેરોજની) જરૂરિયાત મુજબ એકઠું કરતા. તેઓએ ફરીથી કચકચ શરૂ કરી કેમકે તેમની પાસે ખાવા માટે માંસ ન હતું. તેથી ઈશ્વરે ભારે પવન મોકલ્યો અને પવનના ભારે સુસવાટાની સાથે પુષ્કળ

લાવરીઓ ઊડી આવી, જેને ઈસ્રાએલીઓએ પકડીને મારીને ખાધી. ઈસ્રાએલીઓની સતત કચકચ અને બડબડાટને કારણે ઈશ્વર ખૂબ જ ગુસ્સે થયા અને ઈશ્વરે તેઓને મરકી મોકલીને બીમાર કર્યા.

**ખડકમાંથી પાણી :**

ઈસ્રાએલીઓ આગળ વધ્યા અને રફીદીમ નામની જગ્યાએ પહોંચ્યા. તેમની પાસે પીવાનું પાણી ન હોવાથી તેમણે ફરીથી કચકચ શરૂ કરી. મૂસાની વિરુદ્ધ તેઓ ગુસ્સે ભરાયા અને ફરિયાદ કરવા લાગ્યા કે, ''હે મૂસા, તું અમને મિસરમાંથી છોડાવીને અહીં જંગલમાં ભૂખે અને તરસે મારવા લાવ્યો છે ? અમે અને અમારા ઢોર તરસે મરી જઈશું.'' પછી ઈશ્વરે મૂસાને જણાવ્યું કે તું તારી સાથે કેટલાક વડીલોને લે અને તેમને લઈને તું નજીકના એક ખડક ઉપર જા અને એ ખડકને તું લાકડી મારીશ એટલે તેમાંથી પાણી નીકળશે. આ રીતે ઈસ્રાએલીઓને પૂરતું પાણી મળી રહ્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. મારાહ નામના સ્થળે શું સમસ્યા હતી ? ..........................................................
2. ઈસ્રાએલીઓને ઈશ્વરે કેવી રીતે જમાડ્યા ? ..........................................................
3. ઈસ્રાએલીઓએ રફીદીમ પાસે પાણી મેળવ્યું, જ્યારે ..........................................................
4. આ વાર્તામાં ઈસ્રાએલીઓનું મુખ્ય પાપ એ હતું કે, ..........................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 10
# સોનાનું વાછરડું

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 32:1-35

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ તેમના જીવનથી હંમેશા ઈશ્વરને ખુશ કરે.

**પાઠનું આયોજન**

**સોનાના વાછરડાની વાર્તા કહો –** 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 103:17-18

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### વાછરડું બનાવવામાં આવ્યું :

દેવે મૂસાને સિનાઈ પર્વત ઉપર બોલાવ્યો કારણકે દેવ ત્યાં મૂસા સાથે વાતચીત કરવા માંગતા હતા. મૂસા પર્વત ઉપર લાંબો સમય રોકાયો, તેથી ઈસ્રાએલીઓ અધીરા બની ગયા. તેઓએ હારુનની પાસે એકઠા થઈને કહ્યું કે, "અમારે કાજે દેવ બનાવ; કેમકે મૂસાનું શું થયું તે અમે જાણતા નથી." હારુન જાણતો હતો કે આ પ્રમાણે મૂર્તિ બનાવવી તે ઈશ્વરની દષ્ટિમાંમ પાપ ગણાય, પરંતુ લોકોના સતત દબાણ અને આગ્રહને કારણે હારુન સંમત થયો. પછી હારુને લોકોને કહ્યું કે તમે બધા સોનાના દાગીનાઓ મારી પાસે લાવો અને તેમાંથી સોનાનું વાછરડું બનાવવામાં આવ્યું. પછી હારુને વાછરડાની આગળ વેદી બાંધી અને તેના પર અર્પણો ચઢાવ્યા. ત્યારબાદ હારુને જાહેર કર્યું કે આ જે વાછરડું તેણે બનાવ્યું છે તે તેમનો દેવ છે જે તેમને મિસરની ગુલામીમાંથી છોડાવી લાવ્યો છે. તેઓ બધાએ આ વાછરડાની આગળ મોટી ઉજવણી કરી અને ઊંચા અવાજે નાચવા લાગ્યા. તેઓનો ઘોંઘાટ ભારે હતો.

### દેવની પ્રતિક્રિયા :

દેવે મૂસાને કહ્યું કે તું જલ્દીથી અહીંથી ઉતરીને નીચે જા કારણકે ઈસ્રાએલીઓએ વાછરડું બનાવીને તેને દેવ તરીકે જાહેર કરીને મારી વિરુદ્ધ પાપ કર્યું છે. આ રીતે તેઓએ સર્વસમર્થ ઈશ્વરને વાછરડાની પ્રતિમામાં ઢાળીને સાચા ઈશ્વરને ભૂલી ગયા છે. જે ઈશ્વરે તેમને મિસરમાંથી છોડાવ્યા, તેઓ બંડખોર બન્યા અને

દેવની વિરુદ્ધ સતત ફિતુર કર્યું. તેથી ઈશ્વરે નિર્ણય કર્યો કે તેઓનો નાશ કરવો. દેવે મૂસાને કહ્યું કે, તું મારી આગળ તેઓને સારું વિનંતી ન કર કારણકે હું તેઓનો નાશ કરવાનો છું.

**મૂસાની પ્રતિક્રિયા :**

આ સાંભળીને મૂસાએ આ લોકો માટે મધ્યસ્થી કરી અને ઈશ્વરને વિનંતી કરી કે તેઓનો નાશ ન કરો. સાક્ષ્યપાટી ઈશ્વરે મૂસાને આપી હતી તે લઈને મૂસા પર્વત પરથી નીચે ઉતર્યો. મૂસાએ જોયું કે લોકો વાછરડાની આગળ નાચ-ગાન કરે છે. આ જોઈને તે ખૂબ જ ગુસ્સે થયો. અને સાક્ષ્યપાટી ભાંગીને તેના ટુકડે ટુકડા કરી નાખ્યા. ત્યારપછી વાછરડું લઈને તેને બાળી નાખ્યું ને કૂટીને ભૂકો કર્યો અને પાણીમાં ભભરાવીને ઈસ્રાએલ લોકોને તે પાણી પાયું. ત્યારપછી મૂસાએ લેવીઓને આજ્ઞા કરી કે જેમણે - જેમણે દેવની આજ્ઞા માની નથી તેઓને તમે મારી નાખો. એક જ દિવસમાં ત્રણ હજાર માણસો માર્યા ગયાં.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસ્રાએલીઓને બીજા દેવની જરૂર પડી કારણકે ..............................................
2. દેવ તેઓ પર ગુસ્સે થયા, કારણકે ..............................................
3. દેવનો કોપ જોયા પછી મૂસાએ કેવો પ્રત્યુત્તર વાળ્યો ? ..............................................
4. પર્વત પરથી નીચે ઉતરીને મૂસાએ શું કર્યું ? ..............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 11
# યર્દન નદી ઓળંગી

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યહોશુઆ 3:1-4:24

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વર સર્વશક્તિમાન છે તે યાદ રાખવું.

**પાઠનું આયોજન**

**યર્દન નદી ઓળંગવાની વાર્તા કહો –** 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યહોશુઆ 4:24

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### નદી ઓળંગતા પહેલાં સૂચનાઓ :

એક વહેલી સવારે ઈસ્રાએલીઓ યર્દન નદી આગળ છાવણી કરીને રોકાયા હતા. તે વખતે યહોશુઆએ તેઓને સૂચના આપી કે તમે લોકો લેવી યાજકોને કરારકોશ ઊંચકીને જતા જુઓ એટલે તેમની પાછળ પાછળ જજો, પરંતુ કરારકોશની એકદમ નજીક જતા ના રહેશો, પણ તમારી અને તેમની વચ્ચે આશરે બે હજાર હાથનું અંતર રાખજો. તમે બધા પોતાને શુદ્ધ કરો કેમકે કાલે યહોવા તમારી મધ્યે આશ્ચર્યકૃત્યો કરશે. યહોશુઆએ યાજકોને ફરમાવ્યું કે તમે કરારકોશ ઊંચકીને લોકોની આગળ ચાલો. તેણે અલગ અલગ કુળમાંથી બાર વ્યક્તિઓને પસંદ કર્યા કે તેઓ ઈસ્રાએલીઓને દોરે.

### નદી ઓળંગવી :

ઈસ્રાએલીઓએ યર્દન નદી ઓળંગવાની હતી જે નદીમાં અતિશય પાણી હતું અને બન્ને કાંઠે છલકાઈને વહેતી હતી. યાજકોના પગ જેવા નદીના પાણીને અડક્યા કે તરત જ યર્દન નદીના પાણી બન્ને બાજુ ખસી જઈને ઢગલો થઈને થંભી ગયા અને નદીની વચ્ચે કોરી ભૂમિ થઈ ગઈ જેથી ઈસ્રાએલીઓ કોરી ભૂમિ પર ચાલીને પેલે પાર ગયા. નદી ઓળંગ્યા પછી બાર પુરુષોએ બાર પથ્થર નદીમાંથી લીધા અને યાદગીરીને સારું એક જગ્યાએ સાચવી રાખ્યા કે ઈશ્વરે કેવી ચમત્કારિક રીતે નદી ઓળંગાવી. આ પ્રકારે દેવે યહોશુઆને ઈસ્રાએલીઓની સમક્ષ નામાંકિત કર્યો.

**નદી ઓળંગ્યા બાદ :**

યહોવાના કહ્યા મુજબ યહોશુઆએ યાજકોને આજ્ઞા કરી કે યર્દન નદીમાંથી નીકળી આવો અને તેઓ નીકળી આવ્યા અને યાજકોના પગ જેવા નદીની બહાર કોરી ભૂમિ પર પડ્યા કે તરત જ યર્દન નદી પહેલાંની પેઠે ચારે કાંઠે ભરપૂર થઈને અગાઉની જેમ જ વહેવા લાગી. બાર પથ્થરોને ગિલ્ગાલમાં સ્મારક તરીકે ઊભા કર્યા. આ સ્મારક દ્વારા આવનાર નવી પેઢી જાણી શકે કે યહોવા દેવે કેવી રીતે યર્દન ઓળંગાવી હતી. અને તેમના પછીની પેઢીઓ જાણી શકે કે તેમના દેવ શક્તિશાળી છે અને તેઓ ઈશ્વરનું ભય રાખે.

**ખાલી જગ્યા પૂરો :**

1. યહોશુઆએ ઈસ્રાએલીઓને સૂચનાઓ આપી કે ............................................
2. યર્દન નદીના પાણી બે ભાગમાં વહેંચાઈ ગયા, જ્યારે ......................................
3. ઈસ્રાએલીઓએ બાર પથ્થરનું શું કર્યું ? ..................................................
4. તેઓએ આ મુજબ કર્યું, કારણકે ..........................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ......................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 12
# યરીખોનું પતન

**શિક્ષક માટે સૂચના**
**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યહોશુઆ અધ્યાય 6
**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરનો આભાર માનવો તથા ઈશ્વર પર વિશ્વાસ કરવાનું મૂલ્ય સમજાવો.
**પાઠનું આયોજન**
**યરીખોના પતનની વાર્તા કહો –** 25 મિનિટ
**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**
**પાઠને અનુરૂપ ચિત્રો બતાવો –** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 33:1
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**નગરને ઘેરો ઘાલતા અગાઉની સૂચનાઓ :**

દેવે યહોશુઆને કહ્યું કે તું ઈસ્રાએલ લોકોને જણાવ કે આ નગર તમને નક્કી મળ્યું જાણો કેમકે દેવ પોતે તેમના વતી લડશે. તેણે લોકોને કહ્યું કે તમારે નગરની ફરતે ચારે તરફ પ્રદક્ષિણા કરવી એટલે છ દિવસ સુધી દરરોજ એક વાર આમ કરવું પણ તમારે પ્રદક્ષિણા કર્યા સિવાય બીજું કંઈ બોલવું કે કરવું નહીં. સાત યાજકો કોશની આગળ આગળ મેંઢાના શિંગના સાત રણશિંગડાં લઈને ચાલે. સાતમે દિવસે યાજકો રણશિંગડા વગાડે અને સાતમે દિવસે સાત વખત નગરની પ્રદક્ષિણા કરવી અને પછી બધા લોકોએ એકસાથે મોટેથી હોંકારો કરવો એટલે નગરના કોટની દિવાલ આપોઆપ તૂટી પડશે. અને પછી ઈસ્રાએલીઓ નગરમાં ઘૂસી જઈને કબજો મેળવે. યહોશુઆએ આ બધી સૂચના વિગતવાર લોકોને તેમજ યાજકોને આપી.

**પ્રદક્ષિણા :**

યહોશુઆના કહ્યા પ્રમાણે યાજકોએ અને ઈસ્રાએલ લોકોએ કર્યું એટલે છ દિવસ સુધી કોટની ફરતે પ્રદક્ષિણા કરી. સાતમા દિવસે તેઓ વહેલી સવારે ઊઠ્યા, કારણકે એક જ દિવસમાં સાત વાર પ્રદક્ષિણા કરવાની હતી. સાત વાર પ્રદક્ષિણા કરી રહ્યા પછી યાજકોએ રણશિંગડા વગાડ્યાં અને ઈસ્રાએલીઓને મોટેથી હોંકારો કર્યો અને પરિણામે યરીખોનો કોટ તૂટી પડ્યો. યહોશુઆએ વળી એ પણ આજ્ઞા કરી કે ઈસ્રાએલીઓ આ નગરમાંથી કશું જ પોતાની સાથે ન લે, પણ સઘળી બાબતોનો નાશ કરે. પ્રાણી સુદ્ધાંનો નાશ કરવો પણ કંઈ જ તેમાંથી લેવું નહીં.

**રાહાબનું કુટુંબ :**

યહોશુઆએ એવી આજ્ઞા ઈસ્રાએલીઓને કરી હતી કે તેઓ જ્યારે નગરની સઘળી વસ્તુઓનો નાશ કરે ત્યારે રાહાબના કુટુંબનો નાશ ન કરે. આનું કારણ એ હતું કે જે જાસૂસો કનાન દેશની જાસૂસી કરવા આવ્યા હતા તેમાંના બેને સંતાડી દઈને નાસી જવામાં મદદ કરી હતી. ઈસ્રાએલીઓએ તે મુજબ કર્યું. અને રાહાબના કુટુંબને સલામતી આપી. આ રીતે રાહાબ અને તેનું કુટુંબ ઈસ્રાએલીઓની જેમ જ તેમની સાથે રહેવા લાગ્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈશ્વરે ઈસ્રાએલીઓને શું કરવાની આજ્ઞા કરી ? ..............................................
2. નગરની વસ્તુઓ માટે યહોશુઆએ આજ્ઞા કરી કે, ..............................................
3. રાહાબ અને તેના કુટુંબને બચાવી લેવામાં આવ્યું, કારણકે..............................................
4. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 13
# ગિદિયોન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ન્યાયાધીશ 6:1-7:25

**પાઠનો ઉદ્દેશ :** બાળકો શીખે કે ઈશ્વર મોટા કામો કરવા ગમે તે વ્યક્તિનો ઉપયોગ કરે છે.

**પાઠનું આયોજન**

**ગિદિયોનની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ન્યાયાધીશો 6:14

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ગિદિયોનનું તેડું :

ઈસ્રાએલીઓએ ઈશ્વરની વિરુદ્ધ પાપ કર્યું હતું તેથી ઈશ્વરે તેઓને બંદીવાન બનાવવાની પરવાનગી મિદ્યાનીઓને આપી. તેઓએ ઈસ્રએલીઓને ત્રાસ આપ્યો. તેમની પાસે જે હતું તે બધું પડાવી લીધું. તેથી ઈસ્રાએલીઓએ યહોવાને પોકાર કર્યો અને ઈશ્વરે તેમનું સાંભળ્યું. ગિદિયોન જ્યારે તેના કુટુંબના ખોરાક માટે દ્રાક્ષાકુંડની અંદર ઘઉં ઝૂડતો હતો, ત્યારે ઈશ્વરે એક દૂત મોકલ્યો. દૂતે ગિદિયોનને કહ્યું કે તું જઈને ઈસ્રાએલીઓને મિદ્યાનીઓના હાથમાંથી બચાવ. ગિદિયોને એમ કહીને ના પાડી કે હું સૌથી નાના કુળનો છું, અને મારું કુટુંબ કંઈ વિસાતમાં નથી. પણ દૂતે કહ્યું કે ઈશ્વર તારી સાથે રહેશે તેથી તારે ગભરાવું નહીં.

### ઈશ્વરની વ્યૂહરચના :

ઈશ્વરે ગિદિયોનને આજ્ઞા કરી કે મિદ્યાનીઓની વિરુદ્ધ લડવા માટે તું સૈન્ય એકઠું કર. ત્યારપછી ઈશ્વરે કહ્યું કે આમાંથી જે લોકો યુદ્ધથી ગભરાય છે તેઓને પાછા મોકલી દે અને સંખ્યા ઘટાડી દે. તેથી 22,000 લોકો પાછા ગયા પણ 10,000 બાકી રહ્યા. ત્યારપછી ઈશ્વરે ગિદિયોનને કહ્યું કે, તું આ 10,000 લોકોને પાણીના નાળા પાસે લઈ જઈને તેમાંથી પાણી પીવાનું કહે. આ 10,000 લોકોમાંથી માત્ર 300 જણે પાણીના નાળામાંથી લખલખાવીને પાણી પીધું. યહોવાએ કહ્યું કે આ 300 જણ મિદ્યાનીઓની વિરુદ્ધ યુદ્ધ કરવા જાય, અને બાકીના બધા પાછા જાય.

**સ્વપ્ન દ્વારા ખાત્રી :**

ગિદિયોન હજુ પણ મિદ્યાનીઓની વિરુદ્ધ યુદ્ધ કરવાથી ગભરાતો હતો. તેથી ઈશ્વરે તેને કહ્યું કે તું મિદ્યાનીઓની છાવણી પાસે જા અને તેઓ શું વાતો કરે છે તે સાંભળ, જ્યારે તેઓ દુશ્મનોની છાવણીએ ગયા ત્યારે એક આશ્ચર્યજનક વાત તેમના સાંભળવામાં આવી. તે એ હતી કે એક મિદ્યાની બીજા મિદ્યાનીને તેના સ્વપ્નની વાત કરી રહ્યો હતો. એટલે કે તેને રાત્રે એક સ્વપ્ન આવ્યું. તેમાં તેણે જોયું કે જવની એક રોટલી મિદ્યાનની છાવણી ઉપર ધસી પડી ને એક તંબૂની પાસે આવીને એવો ધક્કો માર્યો કે તે તંબૂ જમીનદોસ્ત થઈ ગયો. આ સાંભળીને બીજા મિદ્યાનીએ ઉત્તર આપ્યો કે આ તો ગિદિયોનની તલવાર વગર બીજું કંઈ નથી; ગિદિયોન સર્વ મિદ્યાનીઓનો નાશ કરશે. આ સઘળું સાંભળીને ગિદિયોન યુદ્ધ કરવા માટે તૈયાર થયો. અને તેણે યુદ્ધમાં વિજય મેળવ્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસ્રાએલીઓએ ઈશ્વરને પોકાર કર્યો કારણકે.............................................
2. યુદ્ધમાં જનારાઓની સંખ્યા ગિદિયોને કેવી રીતે ઘટાડી ? ..................................
3. જ્યારે ગિદિયોન દુશ્મનની છાવણીએ ગયો ત્યારે તેમને શું વાત કરતા સાંભળ્યા ? ....................
4. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ................................................
5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 14
# સામસૂનનો જન્મ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ન્યાયાધીશો 13:1-24

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વર હંમેશા તેના વચનો પૂરા કરે છે તે શીખવો.

**પાઠનું આયોજન**

**સામસૂનના જન્મની વાર્તા કહો – 25** મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો – 10** મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો – 10** મિનિટ

**મુખપાઠ કલમ :** ન્યાયાધીશો 13:24

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### દૂતનું દર્શન :

ઈસ્રાએલ પ્રજામાં એક વખત માનોઆહ નામે એક માણસ થઈ ગયો. તે અને તેની પત્ની દાન કુળના હતા. તેમને કંઈ સંતાન ન હતું. એક દિવસ દેવનો દૂત માનોઆહની પત્નીને દર્શન આપીને જણાવે છે કે તને પુત્રનો પ્રસવ થશે. દૂતે તેને એમ પણ કહ્યું કે તારે દ્રાક્ષ કે દ્રાક્ષની બનાવટની કોઈપણ વસ્તુ તેમજ અશુદ્ધ વસ્તુ ખાવી નહીં. તું જે પુત્રને જણશે તે નાઝારી કહેવાશે. તેથી તારે આ બાબતોનું કડક રીતે પાલન કરવું. વળી એ દીકરાના વાળ તારે કદી પણ કપાવવા નહીં. સ્ત્રીએ આ બધી વાત તેના પતિને કરી. આ સાંભળીને તેના પતિને ખૂબ જ નવાઈ લાગી. માનોઆહની ઈચ્છા હોવાથી પ્રભુનો એ દૂત ફરીથી તેઓને દર્શન આપે છે. બીજી વખત પણ દૂતે માનોઆહને તેની તે જ વાત કરી, જે તેની સ્ત્રીને અગાઉ કહેવામાં આવી હતી. આ રીતે તે બન્ને જણને ખાત્રી થઈ કે જે પુત્ર જનમવાનો છે તે ખાસ પ્રકારનો હશે.

### માનોઆહનું અર્પણ :

આ બધું સાંભળીને માનોઆહે ઈશ્વરને અર્પણ ચઢાવવાનું નક્કી કર્યું. તેણે બકરીનું એક નાનું બચ્ચું અને થોડુંક અનાજ પથ્થર ઉપર અર્પણ કરવા મૂક્યું. આ અર્પણ સળગતું હતું ત્યારે તેની જવાળામાંથી પેલો દૂત આકાશમાં ચઢી ગયો. ત્યારબાદ તેમણે આ દૂતને જોયો નહીં. માનોઆહને ભાન થયું કે આ તો ખરેખર દેવના દૂતે આપણને દર્શન આપ્યું છે.

**વચનની પરિપૂર્ણતા :**

થોડા દિવસો પછી તે સ્ત્રીને પુત્રનો પ્રસવ થયો. દૂતના જણાવ્યા મુજબ આ દીકરો જન્મ્યો હતો. તેઓએ તેમનું નામ સામસૂન પાડ્યું. તે મોટો થયો તેમ તેમ પ્રભુનો આત્મા તેને તૈયાર કરતો અને આશીર્વાદ આપતો.

**ખાલી જગ્યા પૂરો :**

1. માનોઆહની સ્ત્રીને દૂતે કહ્યું કે, ..................................................
2. માનોઆહે દૂતને .......................... નું અર્પણ કર્યું.
3. આ તો દેવનો દૂત છે, એવું મનોઆહને ક્યારે જણાયું ? ..........................................
4. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 15
# શમુએલ દ્વારા દાઉદનો અભિષેક

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 શમુએલ 16

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે જેમ માણસ જુએ છે તેમ ઈશ્વર જોતા નથી.

**પાઠનું આયોજન**

**શમુએલ દ્વારા દાઉદના અભિષેકની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 1 શમુએલ 16:7

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### પૂર્વભૂમિકા :

શમુએલ દ્વારા દાઉદના અભિષેકની વાર્તા એ સમયે શરૂ થાય છે, જ્યારે શમુએલને ખબર પડી કે, અનઆજ્ઞાંકિતતાને કારણે ઈશ્વરે ઈસ્રાએલના પ્રથમ રાજા તરીકે શાઉલને નકાર્યો છે. શણુએલે શાઉલને સારું શોક કર્યો જે આપણને 1 શમુએલ 16:1માં જોવા મળે છે. પણ ત્યાં ઈશ્વર શમુએલને કહે છે કે "ક્યાં સુધી તું તેને સારું શોક કરશે ? મેં તેને નકાર્યો છે, માટે તારું શિંગ તેલથી ભરીને યશાઈ બેથલેહેમી પાસે જા. અને તેના દીકરાઓમાંના એકનો અભિષેક કર, જેને મેં રાજા થવા પસંદ કર્યો છે." શમુએલે શાઉલને કહ્યું કે તેં યહોવાનું વચન નકાર્યું છે, માટે તેણે પણ તને રાજા તરીકે નકાર્યો છે. (1 શમુએલ 15:23) અમાલેકીઓનો સંપૂર્ણ સંહાર ન કરીને શાઉલે ઈશ્વરની આજ્ઞા ઉથાપી અને શમુએલે પોતે આ કાર્ય કરવું પડ્યું.

### શમુએલ યશાઈના ઘરે :

ઈશ્વરે શમુએલને બેથલેહેમમાં યશાઈના ઘરે યજ્ઞ કરવા મોકલ્યો. યશાઈને આઠ દીકરાઓ હતા. તેમાંનો સૌથી નાનો દાઉદ હતો. તે ઘેટાંબકરાં ચરાવવા અરણ્યમાં ગયો હતો.

1 શમુએલ 16:5 પ્રમાણે શમુએલે કહ્યું કે હું અર્પણ ચઢાવવા આવ્યો છું. માટે તમે પોતાને શુદ્ધ કરીને યજ્ઞકાર્યમાં આવો. આ પવિત્ર વિધિને માટે યશાઈના બધા દીકરાઓ તૈયાર થયા. યશાઈના સૌથી મોટા દીકરા અલીઆબને જોઈને શમુએલ ખૂબ જ પ્રભાવિત થયો કારણકે અલીઆબ ખૂબ જ સુંદર હતો. પણ

ઈશ્વરે કહ્યું કે ના, મેં તેને પસંદ કર્યો નથી. ત્યારપછી શમુએલે યશાઈના બીજા દીકરાઓ એટલે અબીનાદાબ, શામ્માહ અને બીજા ચારને વારાફરથી બોલાવ્યા. પરંતુ તે દરેક વખતે શમુએલે સાંભળ્યું કે યહોવા તેના કાનમાંના શબ્દ કહી રહ્યા છે. પછી શમુએલે વિચાર્યું કે, ઈશ્વરે મને અહીં કારણ વગર મોકલ્યો નથી. માટે તેણે હિંમતથી યશાઈને પૂછ્યું કે શું તારે હજુ કોઈ દીકરો છે, જે અહીં હાજર ન હોય. અને ખબર પડી કે દાઉદ નામનો એક દીકોર છે. તેથી તેને ઉતાવળેથી આ પ્રસંગમાં બોલાવવામાં આવ્યો. તેના પિતા યશાઈએ તો આ પ્રસંગમાં દાઉદને હાજર રાખવાની કાળજી લીધી ન હતી. પણ, ઈશ્વરે દાઉદને પસંદ કર્યો. જેમ માણસ બહારના દેખાવ તરફ જુએ છે તેમ ઈશ્વર જોતા નથી. પણ ઈશ્વર તો માણસને અંદરથી પારખે છે.

**અભિષેક કર્યા પછીનું જીવન :**

શમુએલે દાઉદનો અભિષેક કર્યો. ત્યારબાદ 1 શમુએલ 2 શમુએલમાં દાઉદ ખૂબ જ પ્રકાશમાં જોવા મળે છે. ઈશ્વરે દાઉદને શાઉલના દરબારમાં સંગીતકાર તરીકે નીમ્યો, જેથી રાજા શું શું કરે છે, અને કેવી રીતે રાજ ચલાવે છે તે, તે શીખી શકે. દાઉદ ઘેટાંપાળક હતો ત્યારથી જ ઈશ્વર ઉપર આધાર રાખતાં શીખ્યો હતો. શાઉલ મરણ પામ્યો અને તેની જગ્યાએ દાઉદ રાજા તરીકે નીમાયો, ત્યાં સુધી ઈશ્વરે દાઉદને શીખવ્યું કે ઈશ્વરના સમય સુધી રાહ જોવી તેમજ જ્ઞાન અને ડહાપણ પણ પ્રાપ્ત કર્યા.

**ખાલી જગ્યા પૂરો :**

1. શાઉલને રાજા તરીકે નકારવામાં આવ્યો કારણકે, ..........................................
2. યશાઈના બીજા દીકરાઓ વિશે દેવે શું કહ્યું ? ..........................................
3. દેવની પસંદગી જુદી હતી કારણકે..........................................
4. .................... પછી દાઉદ વિજયવંત બન્યો.
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 16
# શાઉલ અને દાઉદ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 શમુએલ 18, 19

**પાઠનો ઉદ્દેશ :** બીજાની ઈર્ષા કરવી તે હાનિકારક છે તે બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**શાઉલ અને દાઉદની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 1 શમુએલ 18:12

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### શાઉલની ઈર્ષા :

પલિસ્તી ગોલ્યાથનો સંહાર કરીને પાછા ફરતી વખતે તેઓ રસ્તામાં આવતા હતા ત્યારે ઈસ્રાએલના સર્વ નગરોમાંથી સ્ત્રીઓ ડફ તથા વાજિંત્રો લઈને આનંદથી ગાતી ગાતી તથા નાચતી નાચતી શાઉલને મળવા નીકળી આવી, કેમકે તેમના દુશ્મન પલિસ્તીઓને મારવામાં આવ્યા હતા. આ સ્ત્રીઓ ગમતમાં એકબીજાને કહેતી કે, "શાઉલે સહસ્રોતે સંહાર્યા પણ દાઉદે દસ સહસ્રોને સંહાર્યા." એથી શાઉલને ઘણો ક્રોધ ચઢ્યો. સ્ત્રીઓ આવું બોલી તેથી શાઉલ નારાજ થયો. તેણે કહ્યું "દાઉદને તેઓએ દસ સહસ્રનું માન આપ્યું છે ને મને તો તેઓએ માત્ર સહસ્રનું માન આપ્યું છે; રાજ્ય વિના દાઉદને હવે બીજા શાની કમી રહી છે ?" તે દિવસથી શાઉલે દાઉદ પર ઈર્ષા શરૂ કરી.

### દુષ્ટ આત્મા શાઉલને પજવે છે :

ભૂતકાળમાં શાઉલ રાજા ઈશ્વરને અનઆજ્ઞાંકિત બન્યો હતો. તેથી એક દુષ્ટ આત્મા તેને અવારનવાર પજવતો હતો. જ્યારે આ દુષ્ટ આત્મા શાઉલ ઉપર આવતો ત્યારે દાઉદ સારંગી વગાડતો કેમકે દાઉદના સંગીતથી શાઉલને રાહત થતી. પેલી સ્ત્રીઓએ ગીત ગાયું તેના બીજા દિવસે શાઉલ ઉપર પેલો દુષ્ટ આત્મા ફરીથી આવ્યો. હંમેશાની જેમ આ વખતે પણ દાઉદે સારંગી વગાડી જેથી શાઉલને દુષ્ટ આત્માથી છૂટકારો મળે. દાઉદ વીણા વગાડી રહ્યો હતો ત્યારે શાઉલના હાથમાં એક ભાલો હતો જે ભાલાનો ઉપયોગ મારી નાખવા થતો હતો. શાઉલે મનોમન વિચાર્યું કે હું આ ભાલો દાઉદ ઉપર એવી રીતે ફેંકીશ કે દાઉદને

વીંધીને ભાલો આરપાર નીકળી દીવાલ સાથે ચોંટી જાય. દાઉદ સંગીતમાં મગ્ન હતો, ત્યારે શાઉલે બે વખત ભાલો ફેંક્યો પણ બન્ને વખતે દાઉદ ખસી ગયો અને બચી ગયો. આ રીતે ઈશ્વરે દાઉદને શાઉલથી બચાવ્યો.

**દાઉદ અને ઈશ્વર :**

શાઉલ દાઉદથી ડરતો હતો કેમકે ઈશ્વર દાઉદની સાથે હતા પણ શાઉલને ઈશ્વરે મૂકી દીધો હતો. તેથી શાઉલે દાઉદને તેની હજૂરમાંથી ખસેડીને લશ્કરમાં સહસ્રાધિપતિ બનાવ્યો હતો. દાઉદ પોતાના સર્વ માર્ગમાં ડહાપણથી વર્તતો અને યહોવા તેની તથા યહૂદિયા દાઉદ પર પ્રીતિ રાખતા હતા કેમકે દાઉદ તેઓની વચ્ચે રહેતો હતો. દાઉદનો પ્રભાવ વધી રહેલો જોઈને શાઉલ ખૂબ જ અસુરક્ષિત છે તેવું તેને લાગ્યું અને ક્રોધિત થયો.

**ખાલી જગ્યા પૂરો :**

1. શાઉલ જે વાસ્તવિક કારણને લીધે ગુસ્સે થયો તે આ હતું ...........................................
2. દાઉદ શાઉલના દરબારમાં કેમ હતો ? ...........................................
3. શાઉલે દાઉદને ..................... દ્વારા મારવાનો પ્રયત્ન કર્યો.
4. શાઉલ દાઉદના લીધે બહુ જ અસુરક્ષિત અને ભયભીત બન્યો કારણકે ...........................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 17
# સારફતની વિધવા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 રાજા 17:7-24

**પાઠનો ઉદ્દેશ :** ખુશીથી આપનારને દેવ ચાહે છે તે શીખવવું.

**પાઠનું આયોજન**

**વિધવાના આપવા સંબંધીની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 2 કરિંથી 9:6-7

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### એલિયાની વિનંતી

ઘણા દિવસ પછી એલિયા જે નાળા પાસે રહેતો હતો તે કરીંથ નાળું સૂકાઈ ગયું. ઈશ્વરે તેને કહ્યું કે, તું સારફત નામની જગ્યાએ જા ત્યાં તને એક સ્ત્રી મળશે. અને ખરેખર એમ જ બન્યું. જ્યારે એલિયા ત્યાં પહોંચ્યો ત્યારે તેને એક સ્ત્રી લાકડા વીણતી જોવા મળી. એલિયાએ તેણીને કહ્યું કે, ''મારે માટે પીવા સારું થોડું પાણી લઈ આવ.'' તેણીએ હા પાડી અને પાણી લેવા જતી હતી એટલામાં વળી એલિયાએ ફરીથી કહ્યું કે, ''શું તું મારે સારું ખાવાને રોટલીનો ટુકડો પણ લેતી આવીશ ?'' તેણીએ જવાબ આપ્યો કે તારા દેવ યહોવાના જીવના સમ કે મારી પાસે એકે રોટલી નથી, માત્ર માટલીમાં એક મુઠ્ઠી મેંદો ને કૂંડીમાં થોડું તેલ છે અને હું આ લાકડાં વીણું છું કે ઘરે જઈને મારે સારું અને મારા દીકરાને સારું છેલ્લી રોટલી બનાવીએ કે અમે તે ખાઈને મરી જઈએ.''

### એલિયાનું વેણ પૂરું થાય છે :

એલિયાએ તેણીને કહ્યું, ''ચિંતા ન કરીશ'' તું જઈને તારા કહ્યા મુજબ રોટલી તૈયાર કર પણ પહેલાં તે મારી પાસે લાવજે. ત્યારબાદ તારે સારું તથા તારા દીકરાને સારું કરજે. એલિયાને વળી કહ્યું કે ઈશ્વરે મને જણાવ્યું છે કે જે દિવસે ધરતી પર વરસાદ વરસશે ત્યાં સુધી માટલીમાંનો મેંદો થઈ રહેશે નહીં ને કૂંડીમાંનું તેલ ખૂટી જશે નહીં. તેથી આ વિધવા ઘરે ગઈ અને એલિયાના કહેવા મુજબ કર્યું. અને બન્યું પણ એવું જ ! તેલ અને મેંદો ખૂટી ગયા નહીં. દરરોજ તે રોટલી બનાવતી અને ઘણા દિવસ સુધી તેણીએ રોટલી બનાવી પણ વરસાદ વરસ્યો તે દિવસ સુધી મેંદો કે તેલ ખૂટી ગયું નહીં.

**વિધવાના દીકરાને જીવતો કર્યો :**

કેટલાક સમય પછી વિધવાનો દીકરો બીમાર પડ્યો અને મરી ગયો તેથી આ વિધવા ખૂબ જ દુ:ખી થઈ ગઈ. એલિયાએ મરેલા દીકરાને હાથમાં લઈને પ્રાર્થના કરી. એલિયાએ ઈશ્વરને પ્રાર્થનામાં પૂછ્યું કે આવી સારી સ્ત્રી ઉપર શા માટે આવું આકરું દુ:ખ તમે આવવા દીધું. પછી એલિયા બાળક ઉપર લાંબો થઈને સૂઈ ગયો અને એવું ત્રણ વખત કર્યું અને ઈશ્વરને વિનંતી કરી કે આ દીકરાને જીવતો કરો. ઈશ્વરે એલિયાની પ્રાર્થના સાંભળી અને વિધવાના દીકરાને જીવતો કર્યો. તેથી વિધવા ખૂબ જ આનંદિત બની ગઈ અને તેણીને વિશ્વાસ થયો કે ખરેખર આ દેવનો સાચો સેવક છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. એલિયાને વિધવાના ઘરે મોકલવામાં આવ્યો, કારણકે.............................................
2. વિધવા શા માટે ખાવાનું આપવા ઈચ્છતી ન હતી ? .........................................
3. ઈશ્વરે તેની સાથે એવી પ્રતિજ્ઞા કરી કે ....................................................
4. એલિયાએ તેના દીકરા માટે એવી પ્રાર્થના કરી કે ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 18
# લાલચું ગેહઝી

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 2 રાજા 5:20-27

**પાઠનો ઉદ્દેશ :** લાલચી બનવું તે સારું નથી તેમ શીખવવું.

**પાઠનું આયોજન**

**લાલચું ગેહઝીની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** નીતિવચનો 15:27

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ચાકર ગેહઝી

ઘરના બારણા આગળ આવીને ઊભા રહેલ નામાનને યરદન નદીમાં સાત વાર ડૂબકી મારવાનું કહેનાર ગેહઝી એલીશાનો ચાકર હતો. એલીશાના ચાકરનું નામ ગેહઝી હતું. નામાન ભેટ સ્વરૂપે જે સોના-ચાંદીની વસ્તુઓ લાવ્યો હતો તે સઘળી ગેહઝીએ ધ્યાનપૂર્વક જોઈ, જે વસ્તુઓ નામાન એલીશાને આપવા માંગતો હતો. નામાનનો કોઢ મટી ગયો એટલે તે આભાર માનવા માટે અતિ કિંમતી ભેટ સોગાદો લઈને એલીશાની પાસે પાછો આવે છે. પરંતુ તે સઘળું લેવાની ના પાડતાં એલીશા એમ જણાવે છે કે નામાનને મેં સાજો કર્યો નથી પણ ઈશ્વરે સાજો કર્યો છે. તેથી નામાન તેના નોકરોની સાથે તેના સઘળા રસાલા સહિત તેના દેશમાં જવા પાછો ફરે છે.

### ગેહઝી ધાર્યું કરે છે :

નામાન જે બધા સુંદર વસ્ત્રો લાવ્યો હતો અને થેલીઓમાં સોનાના આભૂષણોનો અવાજ એ સઘળું ગેહઝીના મનમાં ચકડોળે ચઢ્યું. તેણે આ વસ્તુઓ વિશે વિચાર કર્યો. અને તેને તેની લાલચ લાગી; પછી ગેહઝી એક ખોટી તરકીબ મનમાં રચે છે અને નામાનને મળવા તેની પાછળ ભાગે છે. નામાન ગેહઝીને જોઈને ખુશ થઈ જાય છે. ગેહઝી જૂઠું બોલતાં નામાનને કહે છે કે તારા નીકળી ગયા પછી એલીશાને મળવા માટે બે જણ આવ્યા છે. તેઓને સારું એક તાલંત રૂપું તથા બે જોડ વસ્ત્રની જરૂર છે. નામાન મદદ કરવા માટે એટલો બધો ઉત્સાહિત થયો કે એણે માંગ્યાં કરતાં બે ગણું રૂપું અને વસ્ત્રો આપ્યા. ગેહઝી તેના ચાકરો સહિત ઘરે પાછો આવ્યો અને આ સઘળી વસ્તુઓ છુપાવીને તે એલીશા સમક્ષ હાજર થયો.

**લોભનું પરિણામ :**

પાછો આવેલ ગેહઝી એલીશા સમક્ષ આવે છે એટલે એલીશા પૂછે છે કે તું ક્યાં ગયો હતો ? ગેહઝી ફરીથી જૂઠું બોલતાં કહે છે કે હું ક્યાંય ગયો ન હતો. એલીશાએ કહ્યું કે ઈશ્વરે મને સઘળું બતાવી દીધું છે કે તેં કેવી રીતે લોભ કરીને નામાન પાસેથી વસ્તુઓ માંગી છે. ગેહઝીનું જુઠાણું પકડાઈ ગયું. તેને ખબર પડી ગઈ કે એલીશાને બધી ખબર પડી ગઈ છે. એલીશાએ ગેહઝીને કહ્યું કે તેં લોભ કર્યો છે અને મારી સાથે દગો કર્યો છે તેથી નામાનનો કોઢ હવે તને થશે, અને તરત ગેહઝીનું આખું શરીર કોઢીલું થઈ ગયું અને તે બરફ જેવો સફેદ થઈ ગયો.

**ખાલી જગ્યા પૂરો :**

1. ગેહઝી ............ હતો, અને તેણે નામાનને કહ્યું કે ........................................
2. એલીશાએ ભેટ સ્વીકારવાની ના પાડતા કારણ આપ્યું કે ........................................
3. એલીશાએ જે બક્ષિસ લેવાની ના પાડી હતી તે ગેહઝીએ કેવી રીતે મેળવી ? ..........................
4. ગેહઝીને શા માટે અને શું શિક્ષા થઈ ? ................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 19
# ત્રણ યહુદી જુવાનો

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** દાનિયેલ 3:1-30

**પાઠનો ઉદ્દેશ :** જેઓ સંપૂર્ણ હૃદયથી ઈશ્વર પર ભરોસો રાખે છે તેઓને ઈશ્વર બચાવે છે તેમ શીખવો.

**પાઠનું આયોજન**

**ત્રણ યહૂદી જુવાનોની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 46:5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### યહુદી જુવાનો અને રાજાનું ફરમાન

રાજાનું નામ નબૂખાદનેસ્સાર છે અને ત્રણ યહુદી યુવાનો શાદ્રાખ, મેશાખ તથા અબેદનગોના નામથી જાણીતા હતા. તેઓ બાબેલ નામના નગરમાં રહેતા હતા. આ ત્રણેની પાસે ખૂબ જ મહત્ત્વની જવાબદારીઓ હતી અને ત્રણે યુવાનો બાબેલ નગરના રાજાના ખાસ પસંદ કરેલા માણસો હતા. તેઓ રાજા વતી ઘણી ઊંચી સત્તા ભોગવતા હતા. એક દિવસ રાજાએ નક્કી કર્યું કે 90 ફૂટ ઊંચી મૂર્તિ બનાવવામાં આવે અને નબૂખાદનેસ્સાર રાજાએ જાહેર કર્યું કે સંગીત વાગે એટલે તરત જ બાબેલ નગરના સર્વ લોકો આ વિરાટ મૂર્તિની આગળ નમીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરે. અને તેથી દરેક જણે આ ફરમાન મુજબ પોતપોતાના કામ રોકી દઈને સંગીત વાગતાંની સાથે જ મૂર્તિની આગળ ઝૂકીને ભજન કર્યું. પણ શાદ્રાખ, મેશાખ અને અબેદનગોએ ત્રણ યહુદી જુવાનોએ એ મુજબ ન કર્યું. રાજાના કેટલાક કર્મચારીઓએ આ જોયું એટલે તરત તેઓ દોડીને રાજાને ખબર આપવા ગયા. આ સાંભળીને નબૂખાદનેસ્સાર ખૂબ જ ગુસ્સે થયો. રાજાએ હુકમ કર્યો કે એ ત્રણ જુવાનોને તરત જ મારી સમક્ષ પકડી લાવીને હાજર કરો કે જેથી હું જાણી શકું કે શા કારણથી તેઓએ આમ કર્યું છે. આ ત્રણે જુવાનોએ રાજાને જણાવ્યું કે અમારો દેવ અમને બચાવે કે ન બચાવે પણ અમે આ મૂર્તિની આગળ નમીશું નહીં.

**રાજાનો પ્રતિભાવ :**

આ સાંભળીને રાજા વધારે ગુસ્સે થયો. રાજાએ તરત આજ્ઞા કરી કે અગ્નિની ભઠ્ઠીને ખૂબ જ વધારે ગરમ કરવામાં આવે. પછી રાજાએ તેના માણસોમાંના કેટલાક સશક્ત અને જોરાવર માણસોને આજ્ઞા કરી કે તેઓ શાદ્રાખ, મેશાખ અને અબેદનગોને પકડીને અગ્નિની ભઠ્ઠીમાં નાખે. આ ત્રણે જુવાનોએ ઈજારો, પાઘડીઓ, જામા તથા બીજા વસ્ત્રો પહેરેલા હતાં અને આવાં કપડાં આગને ઝડપથી પકડી લે છે. પેલા માણસો આ ત્રણ જુવાનોને અગ્નિમાં નાખી રહ્યા હતા ત્યારે અગ્નિની ઊંચી જવાળાઓથી તેઓ બળી ગયા. કેમકે અગ્નિની ભઠ્ઠી ખૂબ જ ગરમ હતી. શાદ્રાખ, મેશાખ તથા અબેદનગો ભઠ્ઠીમાં જઈને પડ્યા.

ઈશ્વરની મદદ

થોડાક સમય પછી રાજા એ જોઈને ખૂબ જ નવાઈ પામ્યો કે ભઠ્ઠીમાં ચાર પુરુષો અગ્નિની અંદર ફરી રહ્યા છે. રાજાએ તેઓને બહાર આવવાનું કહ્યું તેથી ત્રણેય જણ ચાલીને ભઠ્ઠીની બહાર આવ્યા. તેઓ સહેજ પણ બળ્યા ન હતા. તેમજ એમના માથાના વાળ પણ બળ્યા ન હતા. તેમના કપડા તેમના તેમ જ હતા, અને તેમાંથી અગ્નિની વાસ પણ આવતી ન હતી. તે જ ક્ષણે નબૂખાદનેસ્સારને ખબર પડી ગઈ કે ત્રણેય જુવાનો સાચા ઈશ્વરનું ભજન કરે છે. અને બનાવટી મૂર્તિનું નહીં. ઈશ્વરે પોતાના દૂતને મોકલીને આ ત્રણ જુવાનોનું રક્ષણ કર્યું. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ ત્રણ જુવાનોનાં ઈશ્વર ઉપર રાજાએ પોતે પોતાનો વિશ્વાસ મૂક્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. રાજાએ આજ્ઞા કરી કે બધા જ લોકો..............................................
2. રાજાને ત્રણ યહુદી જુવાનો ઉપર ગુસ્સો આવ્યો, કારણકે..............................
3. તેમને આ પ્રમાણેની સજા કરવામાં આવી..............................................
4. ચમત્કાર જોઈને નબૂખાદનેસ્સારે શું નક્કી કર્યું ? ..................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 20
# પ્રભુ ઈસુનો જન્મ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 1-2 લૂક 1-2

**પાઠનો ઉદ્દેશ :** ઈસુના ચમત્કારિક જન્મના મૂલ્ય વિશે બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**ઈસુના જન્મની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માથ્થી 1:21

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**એક દૂત મરિયમની મુલાકાતે :**

આજથી લગભગ 2000 વર્ષ પહેલા ગાબ્રિયેલ નામના દૂતે મરિયમ નામની જુવાન યહુદી સ્ત્રીને દર્શન આપ્યું. ગાબ્રિયેલ દૂતે મરિયમને કહ્યું કે તું એક પુત્રને જન્મ આપશે. જે ઈશ્વરનો પુત્ર થશે. અને તેનું નામ ઈસુ પાડવામાં આવશે. અચાનક આવા સમાચાર સાંભળીને મરિયમ ડરી ગઈ અને ચિંતા કરવા લાગી. પરંતુ તે ઈશ્વર ઉપર વિશ્વાસ કરનારી હતી. તેણે કહ્યું કે, ‘‘હું ઈશ્વરની દાસી છું તારા કહ્યા મુજબ મને થાઓ.’’ દૂતે કહ્યું કે આ સઘળું પવિત્ર આત્મા દ્વારા થશે.

**બેથલેહેમની મુસાફરી :**

મરિયમ અને તેનો થનાર પતિ યૂસફ નાઝરેથ નામના શહેરમાં રહેતા હતાં. રોમન રાજાએ વસ્તી ગણતરીનો હુકમ જાહેર કર્યો એ સમયે કૈસર ઑગસ્તસનું રાજ ચાલતું હતું. આ હુકમનાં કારણે પોતાનું નામ નોંધાવવા માટે તેઓએ બેથલેહેમ શહેરમાં જવાનું થયું. નાઝરેથ અને બેથલેહેમ એ બન્ને સ્થળો અત્યારે ઈસ્રાએલ નામના દેશમાં આવેલ છે. નાઝરેથથી બેથલેહેમ 105 કિલોમીટર દૂર છે. આ મુસાફરી કરવા માટે તેમને ઘણા દિવસ લાગ્યા. બેથલેહેમ પહોંચ્યા પછી તેઓને રહેવા માટે કોઈ ખાલી સ્થળ મળ્યું નહીં. એક રાત તેમણે ગભાણમાં એટલે કે જાનવરો બાંધવાની જગ્યાએ ગાળવી પડી. અને આ જગ્યાએ બાળ ઈસુનો જન્મ થયો.

**ભરવાડો ઈસુને જોવા આવ્યા :**

તે રાત્રે કેટલાક ભરવાડો બેથલેહેમની પાસે ખુલ્લા મેદાનમાં પોતાના ઘેટાંના ટોળાંને સાચવતા અને રખેવાળી કરતા પહેરો ભરી રહ્યા હતા. એક દૂત પ્રગટ થયો અને તેમને શુભ સમાચાર આપ્યા કે એક ઉદ્ધારકર્તા એટલે મસીહનો જન્મ થયો છે. દૂતે તેઓને કહ્યું કે તમે તેને ગભાણમાં સૂતેલો જોશો. પછી અચાનક જ ઘણા બધા દૂતો ત્યાં પ્રગટ થયા અને એવી વાણી થઈ કે "પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ, તથા પૃથ્વી પર જે માણસો વિશે તે પ્રસન્ન છે, તેઓને શાંતિ થાઓ." ભરવાડો તરત જ ઊઠીને બેથલેહેમ ગયા અને દૂતોના કહ્યા મુજબ તેઓને ઈસુ ગભાણમાં જોવા મળ્યાં. ઈસુને જોયા પછી તેમણે આ સમાચાર બધે ફેલાવ્યા, અને જેઓએ સાંભળ્યું તે બધાને નવાઈ લાગી.

**માગીઓ ઈસુને જોવા આવ્યા :**

પૂર્વ દેશના માગીઓ આકાશમાં એક તારાને જુએ છે, જે નવા જન્મેલ રાજા વિશે સંકેત કરતો હતો. હેરોદ યહુદિયાનો રાજા હતો. રાજાએ બુદ્ધિશાળી લોકોને એકઠા કરીને કહ્યું કે આ નવા જન્મેલ રાજાને તેઓ શોધે અને મને તેની જાણ કરે. જેથી હું પણ જઈને તેનું ભજન કરું, માગીઓ તારાની પાછળ પાછળ ચાલીને ઈસુ જ્યાં હતા તે સ્થળે એટલે બેથલેહેમ પહોંચ્યાં. તેઓએ ઘરની અંદર મરિયમ અને ઈસુને જોયા, અને નીચે નમીને ભજન કર્યું. તે સમયની ખૂબ જ કિંમતી અને ઉત્તમ વસ્તુઓ એટલે સોનું, લોબાન તથા બોળનું નજરાણું ઈસુને આપ્યું. લોબાન મીઠી સુગંધ માટે તે સમયે સળગાવવામાં આવતું હતું અને બોળ તે સમયનું ખૂબ જ મોંઘું અત્તર હતું. ઈસુના દર્શન કર્યા પછી તેઓને સ્વપ્નમાં ચેતવણી મળી કે હેરોદ રાજા પાસે પાછા ન જવું, તેથી તેઓ બીજે માર્ગે થઈને પોતાના દેશમાં પાછા જતા રહ્યાં.

**ખાલી જગ્યા પૂરો :**

1. મરિયમ ડરી ગઈ અને ચિંતા કરવા લાગી, કારણકે.......................... પછી તેણે કહ્યું કે ..........................................................................
2. ઈસુનો જન્મ ગભાણમાં થયો, કારણકે..................................................
3. ............. ને સૌથી પહેલા શુભ સમાચાર મળ્યા. ............. એ તેમને આ સમાચાર આપ્યા.
4. માગીઓએ ............. , ............. અને .............ની ભેટ આપી. પછી તેઓ બીજા માર્ગે થઈને પાછા ગયાં, કારણકે..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 21
# યોહાન બાપ્તિસ્મી

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 3, માર્ક 1, લૂક 1, 3, યોહાન 1

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે યોહાનની જેમ નમ્ર તેમજ હિંમતવાન બને.

**પાઠનું આયોજન**

**યોહાન બાપ્તિસ્મીની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માથ્થી 3:11

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### સામર્થ્યવાન પ્રચારક :

ઈશ્વરે યોહાન બાપ્તિસ્મીને એક પ્રચારક તેમજ સુધારણા લાવનાર વ્યક્તિ તરીકે તેડું આપ્યું હતું. તે જંગલમાં રહેતો હતો અને રાની મધ તથા તીડ તેનો ખોરાક હતો. તેના વસ્ત્ર ઊંટના રૂઆના હતાં અને કમરે ચામડાનો પટ્ટો પહેરતો હતો. યોહાને લોકોને જણાવ્યું કે જો તેઓ પોતાના દુષ્ટ માર્ગોથી પાછા નહીં ફરે તો ઈશ્વરનો કોપ તેઓની ઉપર પ્રગટ થશે. યોહાન જ્યારે દેવનું વચન પ્રગટ કરતો અને ઉપદેશ આપતો હતો ત્યારે લોકોને એવું લાગ્યું કે ઈશ્વર તેઓની મધ્યે કાર્ય કરી રહ્યો છે. આ રીતે યોહાનનો ઉપદેશ સાંભળવા માટે જંગલમાં લોકો મોટી સંખ્યામાં એકઠા થવા લાગ્યા. તેણે જાહેર કર્યું કે ઈશ્વરનું રાજ્ય પાસે આવ્યું છે. તેણે તેઓને ચેતવણી પણ આપી કે ઈશ્વરના ક્રોધથી અને કોપથી બચવા માટે તેના પસંદ કરાયેલા લોક અને પસંદ કરાયેલ પ્રજા એટલું હોવું પૂરતું નથી. પરંતુ તેઓએ પોતાના દુષ્ટ માર્ગોથી પાછા ફરવું અને પશ્ચાત્તાપ કરવો જરૂરી છે. તેણે ધનવાનોને ચેતવણી આપતા કહ્યું કે, તેઓ ગરીબોને પોતાના ખાવાનામાંથી આપે. કર ઉઘરાવનારાઓની લાલચ વિશે જણાવતાં અને તેને ઉઘાડી પાડતા જણાવ્યું કે તેઓ દગો કરીને પૈસા કમાવવાનું મૂકી દે. તેણે સૈનિકોને ચેતવણી આપતા કહ્યું કે તેઓ તેમની કમાણીથી સંતોષી રહે અને કોઈનો ખોટી રીતે ગેરલાભ ન ઉઠાવે. યોહાને વળી સ્પષ્ટતા કરી કે તે પોતે મસીહ નથી પરંતુ ઈસુ મસીહ જે તેના પછી આવનાર છે તે તેના કરતાં પણ મોટો અને વધારે બળવાન છે. તે તો કેવળ ઈસુ માટે માર્ગ તૈયાર કરવા આવ્યો છે.

**યોહાનનું મરણ :**

યોહાને તેના ઉપદેશમાં જણાવ્યું કે હેરોદ હેરોદીયા સાથે લગ્ન ન કરવા જોઈએ. કારણકે તેના લગ્ન તેના ભાઈ ફિલિપ સાથે થયેલાં છે. આ સાંભળીને હેરોદીયાસને ખૂબ જ ગુસ્સો આવ્યો. તેથી તેણે તેની દીકરી શાલોમી (હેરોદની સાવકી પુત્રી)ને ચઢાવીને બદલો લેવા તેની મદદ માંગી. શાલોમી પોતાના સાવકા પિતાના જન્મદિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે ગઈ અને તે પ્રસંગમાં તેણે સુંદર નાચગાન કર્યું. તેનું નૃત્ય એટલું સુંદર હતું કે રાજાનું મન મગ્ન થઈ ગયું અને રાજાએ ખૂબ જ પ્રસન્ન થઈને કહ્યું કે તું ઈનામ તરીકે જે માંગવું હોય તે માંગ અને તને તે આપવામાં આવશે. શાલોમીએ તેની માતાની સલાહ લીધી અને હેરોદીયાસે તેને કહ્યું કે એક થાળમાં યોહાન બાપ્તિસ્મીનું કાપેલું માથું મૂકીને આપવામાં આવે. આ સાંભળીને હેરોદ રાજા ખૂબ જ નારાજ થયો. કારણકે યોહાન બાપ્તિસ્મીનો કોઈ જ વાંક ન હતો. તેના ખૂનથી લોકોમાં ક્રોધ વ્યાપી જવાની બીક પણ હેરોદને હતી, પરંતુ પોતે આપેલ પ્રતિજ્ઞા પૂરી કરવા માટે તેણે યોહાનનું માથું કપાવવું પડ્યું. આ રીતે યોહાન મરણ પામ્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. યોહાનનો પોશાક .....................નો હતો અને તેનો ખોરાક ..................... હતો.
2. ઈસુ સાથેની પોતાની ભૂમિકા બાબતે યોહાને લોકોને શું કહ્યું ? ......................................
3. યોહાને હેરોદને કહ્યું કે ..........................................................
4. હેરોદીયાસે કેવી રીતે બદલો લીધો ? ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ....................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 22
# શિષ્યોનું તેડું

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માર્ક 1:16-20, માથ્થી 10:1-4, યોહાન 1:45-49

**પાઠનો ઉદ્દેશ :** વિભિન્‍ન પ્રકારના લોકોને ઈશ્વર કેવી રીતે તેડું આપે છે અને તેઓનો ઉપયોગ કરે છે તે શીખવવું.

**પાઠનું આયોજન**

**શિષ્યોને તેડું તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યર્મિયા 1:5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### પ્રથમ શિષ્યનું તેડું :

એક દિવસ ઈસુ ગાલીલના સમુદ્રને કાંઠેથી પસાર થઈ રહ્યા હતા. તેમણે બે ભાઈઓને ત્યાં જોયા, એટલે સિમોન જે પિત્તર કહેવાય છે તેને તથા તેના ભાઈ આન્દ્રિયાને. બન્‍ને ભાઈઓ સમુદ્રમાં જાળો નાખીને માછલાં પકડતા હતા. ઈસુએ તેઓને કહ્યું કે "મારી પાછળ આવો એટલે હું તમને માણસોને પકડનારા કરીશ." એટલે તરત પિત્તર અને આન્દ્રિયા બન્‍ને જણ તેમની જાળો મૂકીને ઈસુની પાછળ ગયા. ઈસુએ ગાલીલના સમુદ્ર કાંઠે ચાલવાનું ચાલુ રાખ્યું પછી તેમણે બીજા બે ભાઈઓને જોયા. યાકૂબ અને યોહાન જેઓ ઝબદીના દીકરા હતા. તેઓ તેમના પિતાની સાથે હોળીમાં હતાં. અને માછલા પકડવા માટે તેમની જાળો તૈયાર કરી રહ્યા હતાં. ઈસુએ તેઓને કહ્યું કે, "મારી પાછળ આવો." તરત જ તેઓ તેમની હોળી અને તેમના પિતાને મૂકીને ઈસુની પાછળ ગયા.

### વધુ શિષ્યોનું તેડું :

ઈસુ એક પક્ષઘાતીને સાજો કરીને જઈ રહ્યા હતા ત્યારે તેમણે માથ્થી નામના માણસને જોયો. માથ્થી કર ઉઘરાવનાર વ્યક્તિ હતો. (દાણ લેનાર દાણી) તે નાકા ઉપર બેસીને દાણ (કર) ઉઘરાવી રહ્યો હતો (તેની ઑફિસમાં બેસીને કર ઉઘરાવતો હતો) ત્યારે ઈસુ તેને જોઈને તેને કહે છે કે, "મારી પાછળ આવ." માથ્થી ઊભો થઈને ઈસુની પાછળ ગયો. તે રાત્રે ઈસુએ માથ્થીના ઘરે રાત્રિભોજન કર્યું. ત્યારબાદ ઈસુ ફિલિપને પણ તેડે છે અને જણાવે છે કે તું પણ મારી પાછળ આવ.

**ઈસુ બારને નીમે છે :**

ઈસુ પ્રાર્થના કરવા માટે પર્વત ઉપર ગયા. ત્યાં રહીને તેમણે આખી રાત પ્રાર્થના કરી. બીજા દિવસે સવારે ઈસુ તેમના બારે શિષ્યોને એકસાથે ભેગા કરે છે અને હરેક પ્રકારના રોગ મટાડવા માટે અને અશુદ્ધ આત્મા કાઢવા માટે તેઓને અધિકાર આપે છે. આ બાર જણના નામ આ મુજબ છે : સિમોન (જે પિત્તર પણ કહેવાય છે), તેનો ભાઈ આન્દ્રિયા, ઝબદીનો દીકરો યાકૂબ અને તેનો ભાઈ યોહાન, ફિલિપ અને બાર્થોલ્મી; થોમા અને માથ્થી જે દાણ (કર) ઉઘરાવનાર હતો, આલ્ફિયશનો દીકરો યાકૂબ, થાદ્દી, સિમોન ઝેલોટસ અને યહુદા ઈસ્કારિયોત જેણે ઈસુને પરસ્વાધીન કર્યા હતા (માથ્થી 10:1-4 અને લૂક 6:12-16)

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુએ જે પ્રથમ શિષ્યને તેડું આપ્યું તેનું નામ .......................................... હતું.
2. તેઓ શું કરી રહ્યા હતા ? ..........................................................................
3. ઈસુ અને માથ્થી વચ્ચે શું બન્યું ? ..............................................................
4. બાર જણને નીમ્યા અગાઉ ઈસુએ ............................ અને તેઓને અધિકાર આપ્યો કે ..................................................................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...................................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 23

# ઈસુ મંદિરને શુદ્ધ કરે છે

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 19:45-46, યોહાન 2:13-17

**પાઠનો ઉદ્દેશ :** પ્રભુમંદિર માટે પ્રેમ અને સમર્પણની ભાવના બાળકોમાં ઉત્પન્ન કરો.

**પાઠનું આયોજન**

**ઈસુ દ્વારા મંદિર શુદ્ધ થાય છે તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 84:10

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### મંદિરમાં પ્રવેશ :

યહુદીઓનું પાસ્ખા પર્વ હતું તે વખતે ઈસુ મંદિરમાં આવે છે. કાપરનાહુમમાં પોતાના કુટુંબ સાથે થોડો સમય ગાળીને પછી ઈસુ મંદિરમાં આવ્યા હતા. જ્યારે તેમણે મંદિરમાં પ્રવેશ કર્યો તે તેમની નજરમાં જે આવ્યું તે જોઈને ઈસુ ખૂબ જ વ્યથિત અને ખેદીત થઈ ગયા. તેમણે જોયું કે મંદિરના આંગણામાં અને અંદર સુધીના ભાગમાં લોકો પશુ પક્ષી વેચવાનો વેપાર કરતા હતા. પ્રાણીઓ, ઘેટાં અને કબૂતર મંદિરમાં વેચવામાં આવતા હતા. બલિદાનની અને અર્પણ ચઢાવવાની વિધિને લોકોએ પૈસા કમાવવાની રીતરસમમાં ફેરવી દીધી હતી. ઈસુએ જોયું કે આ રીતે મંદિરનો દૂરઉપયોગ થઈ રહ્યો છે.

### ઈસુનો ગુસ્સો :

આ સઘળું જોઈને ઈસુ ખૂબ જ ગુસ્સે થયા. આ એટલા માટે થયું કે દેવના મંદિરની આસ્થા ઈસુને ખાઈ જતી હતી. ઈસુએ ઝીણી દોરીઓનો કોરડો બનાવ્યો અને બધા વેચનારાઓને તથા નાણાવટીઓને મંદિરમાંથી બહાર હાંકી કાઢ્યા. વેચનારાઓ, પ્રાણીઓ અને પક્ષીઓને ઈસુએ બહાર કાઢ્યા. તેઓના બાજઠો ઊંધા વાળ્યા એટલે નાણાં જમીન પર ઢોળાયા. ઈસુએ ઘાંટો પાડીને કહ્યું કે, "તમે મારા બાપના ઘરને લૂંટારાઓનું કોતર કર્યું છે, તેને વેપારનું સ્થળ બનાવ્યું છે. આ તો પ્રાર્થનાનું ઘર છે નહીં કે આવા કામો કરવાનું સ્થળ."

**લોકોનો પ્રતિભાવ :**

આ સઘળું ઈસુએ કર્યું તેથી યહુદીઓ તથા આગેવાનો ખૂબ જ ગુસ્સે થયા. તેઓએ ઈસુનો ખુલાસો માંગ્યો કે આ બધુ કરવાનો અધિકાર તને કોણે આપ્યો છે. ઈસુ પાસે અધિકાર છે કે નહીં તેની ખાત્રી માટે તેઓએ ચમત્કારની અપેક્ષા રાખી. ઈસુએ તેઓને કહ્યું કે, ‘‘આ મંદિરને પાડી નાખો એટલે હું તેને ત્રણ દિવસમાં ઊભું કરીશ.’’ – તે તો પોતાના શરીરરૂપી મંદિરની વાત કરતા હતા. પણ આ સાંભળીને યહુદીઓ ગૂંચવાઈ ગયા અને પૂછવા લાગ્યા કે આવું કેવી રીતે બને ? આ મંદિરને બાંધતા 46 વર્ષ લાગ્યાં હતાં તો ત્રણ દિવસમાં કેવી રીતે ઊભું થાય ? ઈસુના આ શબ્દોનો ઉપયોગ તેઓએ ઈસુને વધસ્તંભે જડવા માટે કર્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. જ્યારે ઈસુ મંદિરમાં આવ્યા ત્યારે તેમણે જોયું કે.............................................
2. ઈસુ ગુસ્સે થયા, કારણકે.............................................
3. સઘળું જોઈને ઈસુએ શું કર્યું ? અને શું કહ્યું ? .............................................
4. યહુદીઓ ગુસ્સે થયા અને ગૂંચવાઈ ગયા, કારણકે.............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 24
# નિકોદેમસ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યોહાન 3:1-21

**પાઠનો ઉદ્દેશ :** સુવાર્તાના સત્યો ગ્રહણ કરવા બાળકોને માર્ગદર્શન આપો.

**પાઠનું આયોજન**

**નિકોદેમસની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 3:16

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### નિકોદેમસ ઈસુને મળવા આવ્યો :

એક રાત્રે જ્યારે યરૂશાલેમની શેરીઓ રાત્રિના ઘોર અંધકારમાં શાંત થઈ ગઈ હતી, યહુદીઓનો એક આગેવાન પ્રભુ ઈસુ જ્યાં રહેતા હતા ત્યાં તેમના ઘરે ગયો. તે ફરોશી હતો અને તેનું નામ નિકોદેમસ હતું. ઈસુના કેટલાક ચમત્કારોનો નિકોદેમસ એક સાક્ષી હતો. ચમત્કારો જોઈને તે બેચેન બની ગયો હતો. ઈસુને તે મસીહા તરીકે મુલવતો ન હતો. કારણકે તેના મતે મસીહાની આવવાની અને પ્રગટવાની રીત કંઈ અનોખી જ હોય તેવું નિકોદેમસ માનતો હતો. તે તો પરાક્રમી રાજા તરીકે આવશે અને રોમનોને તલવારથી નસાડી મૂકશે. ઈસુના સંબંધમાં એવું કેટલુંક તેણે જોયું જે નિકોદેમસ પૂરી રીતે સમજી શક્યો નહીં. તેથી તે બેચેન બન્યો. નિકોદેમસ સઘળું સમજવા માંગતો હતો કારણકે તે અલગ પ્રકારનો ફરોશી હતો. તેથી જ તે ઈસુની સાથે વાતચીત કરવા ઈસુની પાસે ગયો. ઈસુને મળવા તેણે રાત્રિનો સમય પસંદ કર્યો કારણકે તેને એમ હશે કે તેની આ રીતભાતથી અન્ય ફરોશીઓ નિકોદેમસ પર હસશે. કદાચને તે ઈસુની સાથે શાંત પળોમાં વાતચીત કરવા માંગતો હશે.

### ઈસુની નિકોદેમસ સાથે વાતચીત :

નિકોદેમસને મળવા ઈસુ ઈચ્છતા હતા. રાત્રિના શાંત વાતાવરણમાં તેઓએ એકબીજા સાથે વાતચીત કરી. ઉદ્ધારકર્તા જે આ પૃથ્વી પર પાપીઓને બચાવવા માટે આવ્યા હતા તેમણે આ ધનવાન માણસ સાથે વાતચીત કરી જે માત્ર ધનવાન જ નહીં પણ નામાંકિત રાબ્બી હતો અને મૂસાનું નિયમશાસ્ત્ર ચુસ્તપણે

પાળનાર હોવાનો તેને ગર્વ હતો. તે પોતાને ન્યાયી અને સીધો ગણતો હતો. ઈસુએ તો તેને કંઈક જુદું જ કહ્યું. જો તારે સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ કરવો હોય તો તારે તારું જીવન નવેસરથી જીવવું પડશે. અત્યાર સુધી તું જે જીવ્યો છે તે ખોટું હતું. અભિમાનને નેવે મૂકી દઈને તારે તારું જીવન નવેસરનું જીવવું પડશે. ઈસુના શિષ્યો એકદમ સરળ જીવન જીવ્યા અને યોહાન બાપ્તિસ્મી સમક્ષ પાપોની કબૂલાત કરીને તેનાથી બાપ્તિસ્મા પામ્યા તેવું જીવવું પડશે. પછી પવિત્ર આત્મા તારા હૃદયમાં આવશે અને તને નવી વ્યક્તિ બનાવશે. તેથી ઈસુએ નિકોદેમસને કહ્યું કે, ‘‘હું તને ખચીત ખચીત કહું છું, જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય, તો તે દેવનું રાજ્ય જોઈ શકતું નથી.’’ ઈસુએ આ બાબત તેને સમજાવી. એક નાના બાળકના જેવા નિકોદેમસ, તારે નમ્ર અને શુદ્ધ મનના બનવાનું છે. આવું માત્ર પવિત્ર આત્મા દ્વારા જ શક્ય બને. ઈસુએ નિકોદેમસને કેટલાક મહિમાવાન શબ્દો કહ્યા. ‘‘દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારું કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે.’’ ઈસુએ સ્પષ્ટ રીતે કહ્યું કે તેને વધસ્તંભે જડવામાં આવશે અને જેઓ તેના પર વિશ્વાસ કરશે તે તારણ પામશે.

**ખાલી જગ્યા પૂરો :**

1. નિકોદેમસના મનમાં એ ખોટો ખ્યાલ હતો કે ..........................................
2. તે ઈસુને મળવા માટે રાત્રે ગયો, કારણકે..........................................
3. પવિત્ર આત્મા સંબંધી ઈસુએ તેને શું કહ્યું ? ..........................................
4. ઈસુએ તેની સાથે કઈ મહત્ત્વપૂર્ણ કલમની ચર્ચા કરી ? ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 25
# સમરૂની સ્ત્રી

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યોહાન 4:1-42

**પાઠનો ઉદ્દેશ :** બાળકો ઈસુની વાત બીજાઓને જણાવે તે માટે દોરવણી આપો.

**પાઠનું આયોજન**

**સમરૂની સ્ત્રીની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 4:39

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ઈસુની તેણી સાથે વાતચીત :

ઈસુ યાકૂબના કૂવા પાસે બેઠા હતા ત્યારે એક સ્ત્રી કૂવે પાણી ભરવા માટે આવી. ઈસુએ તેણી પાસે પીવાનું પાણી માંગ્યું તેથી આ સ્ત્રીને ઘણું આશ્ચર્ય થયું. કારણકે પ્રણાલી મુજબ કોઈપણ યહુદી પુરુષ કોઈ સમરૂની સ્ત્રી સાથે કદી વાત કરે નહીં. ઈસુએ તેણીને જણાવ્યું કે હું તને જીવતું પાણી આપું એમ છું જે અનંતકાળ સુધી ચાલશે. આ સાંભળીને તેણીને વળી વધારે આશ્ચર્ય થયું કે તમે વળી મને કેવી રીતે પાણી કાઢી આપશો કેમકે કૂવામાંથી પાણી કાઢવા માટે તમારી પાસે એવું કશું સાધન નથી. ઈસુએ તેણીને વળી જણાવ્યું કે તારે ઘણા પતિ છે ત્યારે એ સાંભળીને તેણીને લાગ્યું કે ચોક્કસ આ પ્રબોધક છે. ઈસુએ તેને સમજાવ્યું કે ઈશ્વરનું ભજન આત્માથી તથા સત્યતાથી કરવું જોઈએ, તેથી ભજનનું સ્થાન વધુ અગત્યનું નથી. ઈસુએ એ પણ જણાવ્યું કે હું મસીહ છું. સમરૂની સ્ત્રી સાથે વાતચીત કરતાં ઈસુએ ઘણી બધી પ્રણાલિકાઓને તોડી પાડી.

### શિષ્યોને થયેલ આશ્ચર્ય :

શિષ્યો ખોરાક લેવા ગયા હતા, તેઓ પાછા આવ્યા ત્યારે તેમણે ઈસુને એ સ્ત્રીની સાથે વાતચીત કરતો જોઈને ખૂબ જ આશ્ચર્ય પામ્યા. પરંતુ તેઓમાંના કોઈએ એ પૂછવાની હિંમત ન કરી કે, ''તમે શા માટે સ્ત્રી સાથે વાત કરો છો ?'' પછી શિષ્યો ઈસુને જમવાનું કહે છે ત્યારે ઈસુએ ખાવાની ના પાડતા જણાવ્યું કે મેં જમી લીધું છે. આ સાંભળીને શિષ્યોને વધુ આશ્ચર્ય થયું કે ઈસુને કોણે જમવાનું આપ્યું હશે. પણ ઈસુએ શિષ્યોને કહ્યું કે દેવની ઈચ્છા પ્રમાણે કરવું એ જ મારો ખોરાક છે.

**સમરૂની સ્ત્રીએ આપેલ સાક્ષી :**

આ સમય દરમિયાન સમરૂની સ્ત્રીએ ગામમાં પાછી જઈને ઈસુ સાથેના તેના અનુભવની વાતચીત ગામ લોકોને જણાવી. તેણીએ લોકોને કહ્યું કે ઈસુ મારા સંબંધી બધુ જ જાણે છે અને ઈસુ એ જ મસીહ છે. આ જાણીને ઘણા બધા લોકો ઈસુને મળવા આવ્યા અને વિશ્વાસ કર્યો કે તે ખરેખર જગતનનો ઉદ્ધારકર્તા છે. આ રીતે સમરૂની સ્ત્રી ગામજનો માટે એક અસરકારક ઉપદેશક બની રહી.

**ખાલી જગ્યા પૂરો :**

1. સમરૂની સ્ત્રીને એ વાતનું આશ્ચર્ય થયું કે.............................................................
2. તેણીના જીવનની કઈ વાત ઈસુએ તેને જણાવી ? ................................................
3. શિષ્યોને આશ્ચર્ય થયું કેમકે .............................................................................
4. ઈસુની વાતચીત સાંભળીને આ સ્ત્રી ...................................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .......................................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 26
# અમીરના દીકરાનું સાજા કરાવવું

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યોહાન 4:43-54

**પાઠનો ઉદ્દેશ :** સાજાપણું મેળવવા માટે વિશ્વાસ કરવો જરૂરી છે, તે યાદ કરાવો.

**પાઠનું આયોજન**

**અમીરના દીકરાનું સાજા કરાવવું તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** હિબ્રૂઓને પત્ર 11:1

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### નિરાશામાં એક પિતા :

કાના ગામથી સાત કલાકની મુસાફરી જેટલા અંતરે એક બીજું ગામ છે જ્યાં એક પિતા તેના દીકરાની માંદગીની પથારીએ બેઠેલા છે. આ પિતા અને તેનો દીકરો કફરનહૂમ નગરમાં રહેતા હતા, જે ગાલીલના સમુદ્રને કાંઠે આવેલ નગર હતું. આ દીકરો એટલો માંદો હતો કે એક દિવસથી વધારે જીવી શકે એવું દેખાતું ન હતું. આ દીકરો મરણ પામતા જ આ પિતા દીકરા વિનાના બની જવાના હતા. આ પિતા ખૂબ જ ચિંતાતુર હતા. તે પૈસાદાર તેમજ નામાંકિત વ્યક્તિ અને એક અધિકારી હતાં. જે હેરોદ એન્ટિપાસ નામના રાજાની કચેરીમાં કામ કરતા હતાં, તેના દીકરાને બચાવવા માટે બને તે બધું જ કર્યું હતું. અને પુષ્કળ પૈસા ખર્ચ્યા હતાં. પણ કંઈ ફેર પડ્યો નહીં. આ દીકરા માટે હવે વધારે આશા ન હતી. આ પિતા માટે વધારે ખરાબ બાબત એ હતી કે તેના દીકરા માટે હવે કંઈ જ કરવાનું બાકી રહ્યું ન હતું. આ સંજોગોમાં પિતાનું હૃદય દુઃખમાં તડપી રહ્યું હતું.

### અમીર અધિકારી ઈસુને મળવા ગયા :

ઈસુ ગાલીલમાં આવ્યા છે, તે વાત કફરનહૂમના હોમમાં પણ પહોંચી. આ અમીરે આ વાત સાંભળી અને તરત તેની થાકેલી આંખોમાં નવી રોશની આવી અને તે હતાશામાંથી બહાર આવ્યા. જે પરિસ્થિતિ હતી તેમાં નાઝરેથના ઈસુ જ એકલા મદદ કરી શકે તેમ હતાં. કારણકે તેમની પાસે ચમત્કારિક શક્તિ હતી. આ પિતાએ ઈસુને ઉપદેશ આપતાં અને લોકોથી ઘેરાયેલા જોયા હતાં. ઈસુ જ્યારે ઉપદેશ આપતા હતા ત્યારે

લોકોની ભીડમાંથી રસ્તો કાઢીને આ અમીર પિતા ઈસુ સુધી પહોંચ્યાં. પરસેવે રેબઝેબ, ધૂળવાળા કપડાં અને ભીડને કારણે શ્વાસ લેવામાં તકલીફ વેઠતા આ પિતા ઈસુ પાસે જઈને નમી જાય છે અને કહે છે, "મારો દીકરો મરવાની અણી પર છે, તો મહેરબાની કરીને મારી સાથે મારા ઘરે ચાલો અને મારા દીકરાને બચાવી લો." ઈસુએ તેના તરફ ધ્યાનથી જોયું. આ અધિકારીના હૃદયમાં ઈસુને વિશ્વાસ દેખાયો જે અગાઉ તેમણે સમરૂની સ્ત્રીમાં જોયો હતો. – વિશ્વાસ જે ચમત્કાર કર્યા વિના રહેતો નથી. ઈસુએ તેને કહ્યું, "તારે ઘરે જા તારો દીકરો જીવતો રહેશે."

**વિશ્વાસનું ફળ :**

આ અધિકારીએ વિશ્વાસ કર્યો કે તેનો દીકરો જીવશે. ઈસુના શબ્દો ઉપર તેણે એક પળવાર પણ સંદેહ કર્યો નહીં. તે કફરનહૂમ જઈ રહ્યો હતો ત્યારે તેના ચાકરો સામા મળ્યાં, જે તેને મળવા આવી રહ્યા હતા. તેઓએ સમાચાર આપ્યા કે, "તારો દીકરો સાજો થયો છે." અધિકારીએ તેઓને પૂછ્યું કે કઈ ક્ષણે તે સાજો થવા લાગ્યો. ચાકરોએ જવાબ આપ્યો કે "ગઈકાલે લગભગ ચાર વાગ્યાની આસપાસ તેનો તાવ ઉતરી ગયો." આ સમય એ જ હતો કે જ્યારે ઈસુએ આ અધિકારીને જણાવ્યું હતું કે "તારો દીકરો જીવતો રહેશે." જો કે ઈસુ આ દીકરાથી ઘણે બધે દૂર હતાં. છતાં પણ દીકરાને સાજો કરવા ઈસુ શક્તિમાન હતાં. આ અધિકારી અને તેનું આખું કુટુંબ હવે જાણી શક્યા કે ઈસુ મસીહ અને તારનાર છે, જે આ પૃથ્વી ઉપર આવવાના હતા તે જ. તેઓ બધાએ ઈસુ પર વિશ્વાસ કર્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. આ પિતા ખૂબ જ ચિંતામાં હતાં, કારણકે ..............................................
2. ઈસુએ આ અધિકારીના હૃદયમાં જોયું કે ..............................................
3. આ અધિકારીએ તેના ચાકરોના સમાચાર સાંભળીને શું વિચાર્યું ? ..............................................
4. અધિકારીના કુટુંબમાં એવો ફેરફાર આવ્યો કે ..............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 27
# નાઈન નગરની વિધવા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 7:11-17

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને ઈસુ જેવા દયાળુ બનવાનું કહો.

**પાઠનું આયોજન**

**નાઈનની વિધવાની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** લૂક 7:13

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ઈસુની સ્ત્રી સાથે મુલાકાત :

ઈસુએ થોડા સમય પહેલાં જ કફરનહૂમમાં સુબેદારના દીકરાને સાજો કર્યો હતો અને ત્યાંથી હવે તે નાઈન નગરમાં આવે છે અને તેમના શિષ્યો તેમની સાથે છે. તે ઉપરાંત લોકોનું મોટું ટોળું પણ પાછળ પાછળ જઈ રહ્યું છે. જેવા ઈસુ નાઈન નગરમાં પ્રવેશ્યા કે તરત તેમની નજર એક મરેલ મુડદા પર પડી. જેને ખાંધીઆ ઊંચકીને નગર બહાર દાટવા લઈ જતા હતા. ઈસુને ખબર પડી કે મરનાર વ્યક્તિ તેની માતાનો એકનો એક દીકરો હતો. વળી આ સ્ત્રી વિધવા હતી. આ વિધવા સ્ત્રી જે દુઃખ અને યાતના વેઠી રહી હતી તેનો અંદાજ ઈસુને હતો. ઈસુને ખ્યાલ આવ્યો કે આ વિધવાના પતિ જેમ મરી ગયા તેમજ આ તેનો એકનો એક દીકરો પણ જો મરી જશે તો આ વિધવા સ્ત્રી બિલકુલ નિરાધાર, નિઃસહાય અને મરેલ વ્યક્તિ સમાન બની જશે. વિધવાની આંખોમાંથી વહેતા ચોધાર આંસુ જે તેણીના ગાલ પરથી વહી રહ્યા હતા તે ઈસુથી સહન ન થઈ શક્યા. લોકોના ટોળામાંથી ઘણા બધાએ આ સ્ત્રીને શાંતવન આપવા માંડ્યું પણ સ્ત્રીને કંઈ જ દિલાસો મળ્યો નહીં.

### ઈસુ મરેલ દીકરાને સજીવન કરે છે :

આ સઘળું જાણીને ઈસુએ આ દીકરાને સજીવન કરવાનું નક્કી કર્યું. ઈસુ વિધવાની નજીક ગયા અને તેણીને કહ્યું કે, ‘‘રડીશ નહીં.’’ ત્યારબાદ ઈસુ કોફીન બોક્ષ તરફ આગળ વધ્યા એટલે ખાંધિયા ઊભા રહ્યા. પછી ઈસુએ મરનાર વ્યક્તિને કહ્યું કે ‘‘હે જુવાન, હું તને કહું છું કે ઊઠ.’’ એટલે તરત મરેલ જુવાન

ઊઠ્યો ને ચાલવા લાગ્યો. વિધવા સ્ત્રીને ખૂબ જ આશ્ચર્ય થયું અને તે કંઈ જ બોલી શકી નહીં. તેની આંખો માનવા તૈયાર ન હતી તેવું બન્યું. આ સ્ત્રીએ ઈસુનો આભાર માન્યો અને તેણીને આનંદિત જોઈને ઈસુને પણ આનંદ થયો. લોકોના આખા ટોળાંને નવાઈ લાગી અને તેઓ સર્વએ દેવની સ્તુતિ કરી કે દેવ તેના લોકની મદદ કરવા ઉતરી આવ્યા છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુ નગરમાં પ્રવેશ્યા પછી તેમણે જોયું કે ................................................................
2. ઈસુને પેલી સ્ત્રી પર દયા કેમ આવી ? ................................................................
3. વિધવાને આશ્ચર્ય થયું, કારણકે................................................................
4. ચમત્કાર જોઈને ટોળામાંના લોકોએ શું કહ્યું ? ................................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ................................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 28
# ઉડાઉ દીકરાનું દૃષ્ટાંત

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 15:11-32

**પાઠનો ઉદ્દેશ :** પસ્તાવો કરવા વિશે શીખવો.

**પાઠનું આયોજન**

**ઉડાઉ દીકરાની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 1 યોહાન 1:9

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**નાનો દીકરો :**

એક પિતાને બે દીકરા હતા. તેમાંના નાના દીકરાએ પિતાને કહ્યું કે, "હે પિતા, તમારી મિલ્કતમાં મારો જે હિસ્સો છે તે મને આપો." પિતાએ પોતાની આજીવિકાને બે હિસ્સામાં સરખા ભાગે વહેંચી દીધી અને બન્ને દીકરાને આપી. નાનો દીકરો પોતાનો હિસ્સો એકઠો કરીને દૂર દેશ જવા નીકળી પડ્યો. દૂર દેશમાં તેણે આ તેના હિસ્સાની મિલ્કત અને પૈસા બદફેલીમાં ખર્ચી નાખ્યા. જ્યારે તેણે સઘળી સંપત્તિ ઉડાવી દીધી પછી એ દેશમાં ભારે દુકાળ પડ્યો. તેથી તેને તંગી પડવા લાગી. તેથી તે જઈને તે દેશના વતનીઓમાંના એકને ત્યાં રહ્યો. તે વ્યક્તિએ પોતાના ખેતરમાં ભૂંડો ચારવા સારું તેને મોકલ્યો. જે શિંગો ભૂંડો ખાતાં હતા તે વડે પોતાનું પેટ ભરવાને તેને મન થતું; કેમકે કોઈ તેને કશું આપતું નહીં. તે સાવચેત થયો ત્યારે તેણે મનોમન કહ્યું કે, "મારા બાપના કેટલા બધા મજૂરોને પુષ્કળ રોટલી મળે છે અને હું તો અહીં ભૂખે મરું છું ! હું અહીંથી ઊઠીને મારા બાપની પાસે જઈશ અને તેને કહીશ કે, બાપા, મેં આકાશ સામે તથા તારી આગળ પાપ કર્યું છે; હવે હું તારો દીકરો કહેવાને યોગ્ય નથી રહ્યો; તારા મજૂરોમાંના એકના જેવો મને ગણ." પછી તે ઊઠીને પોતાના બાપની પાસે પાછો ગયો.

**પિતા :**

અને તે હજી ઘણે વેગળે હતો એટલામાં તેના બાપે તેને દીઠો, અને તેને દયા આવી અને પિતા દોડીને દીકરાને ભેટ્યા અને તેને ચૂમીઓ કરી. દીકરાએ તેને કહ્યું કે, "બાપા, મેં આકાશ સામે તથા તારી આગળ પાપ કર્યું છે; હવે હું તારો દીકરો કહેવાને યોગ્ય નથી." પણ બાપે પોતાના નોકરોને કહ્યું કે, "સારામાં

સારો જામો જલ્દી કાઢીને આને પહેરાવો, અને હાથે વીંટી ઘાલો, પગમાં જોડા પહેરાવો અને પાળેલા વાછરડાને લાવીને કાપો કે આપણે ખાઈને આનંદ કરીએ. કેમકે આ મારો દીકરો મૂઓ હતો, તે પાછો જીવતો થયો છે, તે ખોવાયેલો હતો, પણ પાછો જડ્યો છે.'' પછી તેઓ આનંદ સાથે આ પ્રસંગની ઉજવણી કરવા લાગ્યા.

**મોટો દીકરો :**

હવે તેનો વડો દીકરો ખેતરમાં હતો; તે ત્યાંથી આવતા ઘરની નજીક આવી પહોંચ્યો ત્યારે તેણે ગાયનનો તથા નાચનો અવાજ સાંભળ્યો. તેણે ચાકરોમાંના એકને બોલાવીને પૂછ્યું કે આ શું છે ? તેણે તેને કહ્યું કે તારો ભાઈ પાછો આવ્યો છે તેથી તારા બાપે પાળેલા વાછરડાને કપાવ્યો છે, કેમકે તે તેને સહીસલામત પાછો આવી મળ્યો છે. પણ તે ગુસ્સે થયો અને માંહે જવાને રાજી ન હતો; તેથી તેના બાપે બહાર આવીને તેને આજીજી કરી. પણ તેણે બાપને કહ્યું કે આટલાં બધાં વરસથી હું તારી ચાકરી કરું છું અને તારી આજ્ઞા મેં કદી ઉથાપી નથી; તો પણ મારા મિત્રોની સાથે ખુશાલી કરવા સારું તેં મને લવારું સરખું પણ કદી આપ્યું નથી. પણ આ તારો દીકરો કસબણોની સાથે તારી મિલ્કત ખાઈ ગયો, તે પાછો આવ્યો ત્યારે તેં તેને સારું પાળેલા વાછરડાને કપાવ્યો છે. તેણે તેને કહ્યું કે, દીકરા, તું નિત્ય મારી સાથે છે, અને મારું સઘળું તારું જ છે. તને ખુશી થવું તથા હરખાવું ઉચિત હતું, કેમકે આ તારો ભાઈ મૂઓ હતો અને તે પાછો જીવતો થયો છે; અને ખોવાયેલો હતો તે પાછો જડ્યો છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. નાનો દીકરો તેના પિતાની પાસે પાછો ગયો, કારણકે ..............................................
2. દીકરાને પાછો આવેલો જોઈને પિતાનો પ્રતિભાવ કેવો હતો ? ........................................
3. નાના દીકરાને પિતાએ કઈ કઈ નવી વસ્તુઓ આપી ? ............................................
4. મોટો દીકરો ગુસ્સે થયો, કારણકે...........................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 29
# બહેરા બોબડાને સાજાપણું

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માર્ક 7:31-37

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વર માટે કશું અશક્ય નથી તે શીખવો.

**પાઠનું આયોજન**

**બહેરા અને બોબડાને સાજાપણાની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** લૂક 1:37

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

**ઈસુની એક વ્યક્તિ સાથે મુલાકાત :**

ઈસુ તૂર અને સિદોનમાંથી પસાર થઈને દેકાપોલિશ (દશનગર) નામના સ્થળે આવી પહોંચે છે. આ સઘળા સ્થળોએ ઈસુ ચિહ્નો અને ચમત્કારો કરતા રહ્યા અને ઘણી બધી વ્યક્તિઓને સાજાપણું મળ્યું. તેમણે ઘણાઓને શિક્ષણ આપ્યું અને ઘણા બધા આશીર્વાદિત થયા. જ્યારે ઈસુ દેકાપોલિશ (દશનગર)ની સીમમાં પ્રવેશ્યા ત્યારે લોકો ઈસુની પાસે બહેરા બોબડા વ્યક્તિને લઈને આવે છે. લોકોએ ઈસુને વિનંતી કરી કે તેના પર હાથ મૂકો જેથી તે સાજો થાય. ઈસુએ આ વ્યક્તિ તરફ જોયું અને લોકો તરફ જોયું અને તેઓ ઉપર અનુકંપા આવી. તેના માટે કંઈક કરવામાં આવશે તે આશયથી તે ઈસુની સામે તાકીને જોઈ રહ્યો હતો. ઈસુને ખબર પડી કે વ્યક્તિ નિઃસહાય છે.

**આ વ્યક્તિ સાજો કરાયો :**

ઈસુ પછી આ વ્યક્તિને એક તરફ લઈ ગયા, અને લોકોના ટોળાથી થોડે દૂર લઈ ગયા. કદાચ એટલા માટે કે ટોળાનો ઘોંઘાટ ઓછો થાય અને એકાગ્રતામાં આ વ્યક્તિને સ્પષ્ટ એહસાસ થાય. પછી ઈસુએ તે વ્યક્તિના કાનમાં આંગળી નાખી જેથી તેને શારીરિક સ્પર્શ થાય. ત્યારપછી ઈસુએ માનવામાં ન આવે એવું કર્યું. કોઈપણ વ્યક્તિ આવું કદી વિચારે જ નહીં અને ઈસુ આવું કરશે તેવી કલ્પના પણ ન કરે તેવું ઈસુએ કર્યું. ઈસુ થૂંક્યા અને તે માણસની જીભને અડક્યાં. ત્યારપછી આકાશ તરફ ઊંચી નજર કરીને ઊંડો શ્વાસ લીધો. અને આ માણસની સ્થિતિ વિશે વિચાર કર્યો. અને આ પ્રમાણે પ્રાર્થના કરી કે, ‘‘એફફથા’’

એટલે કે ''ઊઘડી જા'' અને તરત જ આ વ્યક્તિ સાંભળવા તેમજ બોલવા લાગ્યો. ઘણા લાંબા વર્ષોથી તે સાંભળી કે બોલી શકતો ન હતો. એકાએક તે સાંભળતો થયો અને બોલતો થયો તેથી તે ખૂબ જ નવાઈ પામી ગયો. તેની આજુબાજુનાં લોકો શું બોલી રહ્યા છે તેની તેને ખબર પડવા લાગી. તે ખૂબ જ આનંદમાં આવી ગયો. ઈસુએ તેને કહ્યું કે, તારે આ વાત કોઈને કહેવી નહીં. પણ ટોળામાંના લોકોએ બહાર જઈને બધાને આ વાત જણાવી.

**ખાલી જગ્યા પૂરો :**

1. જ્યારે ઈસુએ આ માણસને દીઠો ત્યારે તેમને લાગ્યું કે ..................................................
2. ઈસુ આ માણસને લોકોના ટોળાથી થોડે દૂર લઈ ગયા, કારણકે..................................
3. ન વિચારવામાં આવે તેવી બાબત ઈસુએ કરી તે એ હતી કે ........................................
4. આ માણસમાં કયા ફેરફાર થયા ? ...................................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...................................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 30
# રાજાના દીકરાનાં લગ્નનું જમણ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 22:1-14

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરના વચનને આધાથી થવા માટે બાળકોને પ્રેરણા આપો.

**પાઠનું આયોજન**

**રાજાના દીકરાનાં લગ્નનું જમણ તે વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યર્મિયાહ 7:23

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### આમંત્રણ :

ઈસુએ એક દૃષ્ટાંત કહ્યું કે એક રાજાએ તેના દીકરાનાં લગ્ન નિમિત્તે મોટા ભોજનનું આયોજન કર્યું. તેણે એક વિશાળ મંડપ ઊભો કર્યો અને પુષ્કળ ખોરાક રંધાવ્યો. કારણકે ઘણા લોકો આવશે એવું રાજાએ વિચાર્યું. મંડપની સજાવટમાં રંગબેરંગી સુંદર લાઈટો મૂકી તેમજ લાલ જાજમ પાથરી. રાજાનો દીકરો લગ્નનો પોષાક પહેરીને તૈયાર થયો. રાજાએ પોતાના માટે પણ ખાસ પ્રકારના વસ્ત્રો તૈયાર કરાવ્યા હતા. મહેમાનોના આવકાર માટે સારામાં સારા પ્રાણીઓ કાપવામાં આવ્યા હતાં. અનુભવી રસોઈયાઓ દ્વારા સુંદર ખોરાક તૈયાર કરવામાં આવ્યો. બધી જ તૈયારીઓ થઈ ગઈ એટલે જેઓને નોંતરવામાં આવ્યા હતા તેઓને તેડવા માટે રાજાએ નોકરો મોકલ્યા. જ્યારે નોકરો દરેકનાં ઘરે ગયા ત્યારે તેઓએ ભોજન સમારંભમાં આવવાની ના પાડી. ચાકરોએ આ વાત રાજાને જણાવી. જે સાંભળી રાજા બેચેન બન્યો. પછી તેણે બીજા વધારે ચાકરોને ફરીથી મોકલ્યાં. જેઓએ મહેમાનોને વિશેષ આગ્રહ કરીને આમંત્રણ આપ્યું, પરંતુ તેઓએ ફરીથી પણ આવવાની ના પાડી. કેટલાક લોકો તેમનાં કામધંધે જતા રહ્યાં, કેટલાક ખેતરમાં ગયાં અને કેટલાક ઘરે જ બેસી રહ્યાં. વળી, કેટલાકે ચાકરોને પકડ્યાં તેમાંથી થોડાકને માર માર્યો, અને કેટલાકને મારી પણ નાખ્યાં.

**રાજાનો પ્રતિભાવ :**

જ્યારે રાજાને આ બધી બાબતની ખબર પડી ત્યારે તે ખૂબ જ ગુસ્સે થયો. રાજાએ બધાને અગાઉથી આમંત્રણ આપ્યું હતું. આ સમારંભ માટે ઘણો બધો ખર્ચો કર્યો હતો. અને રાજાને આશઆ હતી કે મોટી સંખ્યામાં લોકો આવશે. રાજા બધાની રાહ જોઈને બેઠો હતો. પણ લોકોએ તો કેટલાક ચાકરોને પણ મારી નાખ્યા. તેથી રાજાએ નક્કી કર્યું કે, હું મારું લશ્કર મોકલીને તે વિસ્તારના બધાનો નાશ કરીશ. લશ્કરે બધાને મારી નાખ્યા અને બધુ નષ્ટ કર્યું. પછી રાજાએ નક્કી કર્યું કે ચોરે, ચૌટે અને શેરીઓમાંથી જે કોઈ આવવા તૈયાર હોય તે બધાને આમંત્રણ આપવું. જેઓને તેડવામાં આવ્યા હતા તેઓ આવ્યા નહીં. તેથી જેઓને તેડવામાં આવ્યા ન હતા તેઓને રાજાએ બોલાવ્યાં. નોકરોએ જઈને બધાને આમંત્રણ આપ્યું અને લગ્નનો મંડપ ખીચોખીચ ભરાઈ ગયો. આ જોઈને રાજાને આનંદ થયો. અને તે બધાને મળવા ગયાં. રાજાએ જોયું કે, આવેલા લોકોમાં એક જણે લગ્ન જમણનાં વસ્ત્રો પહેર્યા ન હતાં, તેથી તેને પૂછ્યું કે તું આવી રીતે અંદર કેમ આવ્યો ? તેની પાસે યોગ્ય જવાબ ન હતો. તેથી રાજાએ ગુસ્સે થઈને નોકરો દ્વારા તેને બહાર કાઢી મૂક્યો. તેને એવી જગ્યાએ મૂકવામાં આવ્યો, જ્યાં રડવું અને દાંત પીસવું તે સિવાય કશું ન હોય. આમ આપણે જોઈએ છીએ કે ઘણાંઓને આમંત્રણ આપવામાં આવ્યું, પરંતુ પસંદ કરાયેલા ખૂબ થોડા હતાં.

**ખાલી જગ્યા પૂરો :**

1. રાજાએ કેટલીક તૈયારીઓ કરી જેવી કે, ..........................................................
2. મહેમાનોને આમંત્રણ આપવા માટે નોકરો ગયા ત્યારે શું થયું ? ......................................
3. રાજાનો પ્રતિભાવ કેવો હતો ? ..........................................................
4. જે લોકોએ ભોજનમાં ભાગ લીધો તેઓ આ પ્રમાણે હતાં ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 31
# ઈસુ પાણી પર ચાલ્યાં

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 14:22-36

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને કહો કે તેઓ બીવે નહીં અને અવિશ્વાસ કરે નહીં, પરંતુ વિશ્વાસ કરે.

**પાઠનું આયોજન**

**ઈસુ પાણી પર ચાલ્યા તેની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યાકૂબ 1:6

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**શિષ્યો એકલા, ઈસુ આવ્યા :**

આખો દિવસ કામ કરીને શિષ્યો થાકી ગયા હતાં. ઈસુએ તેમને હોડીમાં બેસાડીને બીજા શહેરમાં મોકલ્યા. તે રાત ખૂબ જ અંધારી હતી અને ભારે પવનના કારણે સમુદ્રનાં મોજા ઊંચે સુધી ઉછળી રહ્યા હતાં. ઈસુ પ્રાર્થના કરવા એકાંતમાં પર્વત ઉપર ગયા હતાં. પછી ઈસુએ વિચાર્યું કે હું શિષ્યો પાસે જાઉં, તેથી તે પાણી પર ચાલીને શિષ્યો તરફ જવા લાગ્યાં. મધરાતે શિષ્યોએ જોયું કે ભૂત આપણી તરફ આવી રહ્યું છે. ઈસુને ખબર પડી કે શિષ્યો ગભરાઈ રહ્યા છે, તેથી તેમણે કહ્યું કે ગભરાશો નહીં. કારણકે તે તો હું છું. તમારે ખાત્રી કરવી હોય તો કરી જુઓ. પિત્તરને વિચાર આવ્યો કે શું આ ખરેખર ઈસુ છે કે તેમની આકૃતિ દેખાય છે. તેથી પિત્તરે ઈસુને કહ્યું કે જો તે તું છે તો મને પણ પાણી પર ચાલીને તારી પાસે આવવા દે. આ સમયે ઈસુએ એમ કહ્યું નહીં કે પાણી પર હું એકલો જ ચાલી શકું. કારણકે હું મસીહ છું. પરંતુ તેમણે પિત્તરને ખૂબ જ સરળ શબ્દ જણાવ્યો, "આવ" મુશ્કેલ અને ભાર કામ આપણે વિશ્વાસથી કરીએ તે માટે ઈશ્વર આપણને કહે છે, કે આવ અને કર. પિત્તર માટે હોડીની બહાર પ્રથમ પગલું મૂકવું અને પાણી પર ચાલવું તે માટે પુષ્કળ વિશ્વાસની જરૂર પડી હશે. કારણકે સમુદ્રની વચ્ચે ભારે તોફાન, પવન અને મોજાઓ હતાં. જ્યારે તેણે શરૂઆત કરી એટલે પિત્તર પાણી પર ચાલ્યો. તે હોડીની બહાર આવ્યો અને ચાલીને ઈસુ તરફ ગયો.

**પિત્તર ડૂબવા લાગ્યો :**

જયારે પિત્તરે ભયંકર મોજા અને પવનના સૂસવાટા જોયા એટલે તે ગભરાયો અને ડૂબવા લાગ્યો. તેણે બૂમ પાડી કે પ્રભુ મને બચાવો. જ્યાં સુધી પિત્તરની આંખો ઈસુ તરફ હતી ત્યાં સુધી બધુ બરાબર ચાલ્યું. જ્યાં સુધી તેનામાં વિશ્વાસ હતો ત્યાં સુધી ભારે અને અશક્ય બાબતો ઈશ્વરની મદદ વગર તે કરી શક્યો. તેમે તેની આંખો ઈસુ તરફ રાખી અને પિત્તર પાણી પર ચાલ્યો. જ્યારે તેણે આજુબાજુ અને જગતમાં નજર કરી ત્યારે તેને વિચાર આવ્યો કે આ તોફાની પવન મને હરાવશે. તે વિશ્વાસ ખોઈ બેઠો. તેણે તેની આંખો ઈસુ પરથી હટાવી અને તે ડૂબવા લાગ્યો. જો આપણે ભૂલી જઈએ કે, ઈસુ આપણી મદદ કરવા હાજર છે. તો જીવનના સંઘર્ષરૂપી મોજા આપણને ડૂબાડશે. જો આપણે આપણી આંખો ઈસુ પર રાખીએ તો આપણે વિશ્વાસથી ઈશ્વર માટે મોટા કામ કરી શકીશું. ત્યારપછી પિત્તરે થોડાક શબ્દો ઉચ્ચાર્યા. કદાચ બાઈબલની અંદર આ ટૂંકામાં ટૂંકી પ્રાર્થના છે ''પ્રભુ મને બચાવો'' તરત જ ઈસુએ હાથ લાંબા કર્યા અને પિત્તરનાં હાથ પકડ્યા અને તેને કહ્યું કે તારે સંદેહ લાવવાનો ન હતો. પછી તેઓ હોડીમાં પેઠાં. બધા જ શિષ્યોએ ઈસુનું ભજન કર્યું અને કહ્યું કે તું ખરેખર દેવનો દીકરો છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. શિષ્યો ગભરાયા, કારણકે........................................................................
2. પિત્તર શું કરી શક્યો ? ..........................................................................
3. પિત્તર ડૂબવા લાગ્યો, કારણકે..................................................................
4. ઈસુએ પિત્તરને કહ્યું કે ..........................................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 32
# કનાની સ્ત્રીની દીકરીનું સાજા થવું

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 15:21-28; માર્ક 7:24-30

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ નમ્ર બને.

**પાઠનું આયોજન**

**કનાની સ્ત્રીની દીકરીનું સાજાપણું તેની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યાકૂબ 1:6

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ઈસુ અને સ્ત્રી :

એક દિવસ ઈસુ તૂર તથા સિદોનના પ્રદેશમાં ગયા. ત્યાં એક કનાની સ્ત્રી ઈસુ પાસે આવી, જે યહુદી નહીં પણ અન્ય વિશ્વાસની હતી. તેણે મોટે સાદે કહ્યું કે, "હે પ્રભુ, દાઉદના દીકરા મારા પર દયા કર, મારી દીકરીને દુષ્ટાત્મા ખૂબ જ હેરાન કરે છે." આ સાંભળીને ઈસુ પોતાના શિષ્યોને આ સ્ત્રીના વિશ્વાસની શક્તિ બતાવી શકે તે હેતુથી આ સ્ત્રીને કંઈ જ જવાબ આપતા નથી. એટલે ઈસુના શિષ્યો ઈસુને કહે છે કે પ્રભુ આ સ્ત્રીને વિદાય કર કેમકે તે બૂમો પાડતી પાડતી આપણી પાછળ પાછળ આવે છે. ઈસુએ પેલી સ્ત્રીને કહ્યું કે, ઈસ્રાએલના ઘરના ખોવાયેલા ઘેટાં સિવાય બીજા કોઈની પાસે હું મોકલાયો નથી. આ સ્ત્રી ઈસુની આગળ નમી ગઈ અને કહેવા લાગી કે પ્રભુ મારી મદદ કરો. ઈસુએ તેને જવાબ આપ્યો કે છોકરાંની રોટલી લઈને કૂતરાં આગળ નાખવી યોગ્ય નથી. ઈસુએ આ પ્રમાણે એટલા માટે કહ્યું કેમકે યહુદીઓ પોતાને ઈબ્રાહીમના સંતાન અને સ્વર્ગના રાજયના સાચા વારસદાર માનતા હતા અને જેઓ બિનયહુદી છે તેઓને તેઓ કૂતરાં સમાન ગણતા હતા.

### સ્ત્રીનો પ્રત્યુત્તર અને સાજાપણું :

આ સ્ત્રીએ નમ્રતાથી ઈસુને જવાબ આપ્યો કે, "હે પ્રભુ, તમે ખરેખર સાચું જ કહ્યું પણ પોતાના માલિકની મેજ પરથી પડેલા ટુકડા કૂતરાં પણ ખાય છે." આ શબ્દો દ્વારા કનાની સ્ત્રીએ જાહેર કર્યું કે તેણી કેટલી નમ્ર છે અને સચેત પણ કર્યા કે એક અન્યધર્મી કે બિનયહુદી વ્યક્તિ ઈશ્વરની એટલી નજીક હોતી નથી જેટલી

એક યહુદી વ્યક્તિ હોય છે. તેણીના આ શબ્દો દ્વારા એ પણ નક્કી થયું કે ઈશ્વર દયાળું છે અને તેમની દયા સર્વને માટે ઉપલબ્ધ છે એટલે કે યહુદી અને બિનયહુદી બન્ને માટે એકસરખી છે. પછી ઈસુએ કહ્યું કે, ‘‘બાઈ, તારો વિશ્વાસ મોટો છે; જેવું તું ચાહે છે તેવું તને થાઓ.’’ અને તે જ ઘડીએ તેની દીકરી સાજી થઈ ગઈ. ઘરે જઈને તેણે જોયું કે એની દીકરી સાજી થઈ ગઈ છે અને પથારીમાં શાંતિથી બેઠી છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુએ સ્ત્રીને કહ્યું કે ..........................................................................
2. ઈસુએ આ પ્રમાણે કેમ કહ્યું ? ..........................................................
3. ઈસુએ સ્ત્રીના મનમાં જોયું કે ............................................................
4. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ........................................................
5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 33
# ભૂતો વળગેલ એક માણસ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 8:26-39

**પાઠનો ઉદ્દેશ :** ઈસુ શેતાન કરતાં વધારે શક્તિશાળી છે તે બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**ભૂતો વળગેલ એક માણસની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 3:8

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**ભૂતો વળગેલ માણસ :**

ઈસુ પોતાના શિષ્યો સાથે હોડીમાંથી ઉતર્યા, એટલે તેમણે એક વિશિષ્ટ બાબત જોઈ. એક માણસ ત્યાં હતો. જેનામાં ઘણા ભૂતો હતાં. આ માણસનો કાબૂ તેના પોતાના હાથમાં ન હતો. તે ઘણા સમયથી લૂગડાં પહેરતો ન હતો. તેના હાથમાં અને પગમાં સાંકળો બાંધેલી હોવાથી લોહી નીકળતું હતું. તે ગંદો હતો અને બોલી પણ શકતો ન હતો. તે કબ્રસ્તાનમાં રહેતો અને જંગલી વ્યક્તિની જેમ પહાડોમાં ફરતો હતો. ઈસુને જોઈને તે દોડ્યો અને ઈસુના ચરણોમાં પડ્યો. ઈસુને ખબર પડી ગઈ કે આ માણસ માનસિક રીતે અસ્થિર છે.

**સાજાપણું :**

ઈસુએ ભૂતોને હુકમ કર્યો કે આ માણસમાંથી બહાર નીકળે. નજીકમાં ભૂંડોનું ટોળું ચરતું હતું. ઈસુએ હુકમ કર્યો કે ભૂતો આ માણસમાંથી નીકળીને ભૂંડોના ટોળામાં જાય. ભૂતોએ હુકમ માન્યો. ભૂતોએ જેવો ભૂંડોમાં પ્રવેશ કર્યો કે તરત બધા ભૂંડ પહાડની ટોચ પરથી (જ્યાં ચરતાં હતાં) ગબડીને નીચે સરોવરમાં પડીને ડૂબી મૂઆં. જે વ્યક્તિઓ આ બધુ જોઈ રહ્યા હતા તે દોડીને ગામમાં ગયા અને ખબર આપી. જ્યારે ગામના લોકો ત્યાં દોડી આવ્યા તો તેઓએ જોયું કે પેલો ગાંડો માણસ ઈસુના ચરણોમાં શાંતિથી બેઠો હતો. તેણે લૂગડાં વ્યવસ્થિત પહેર્યાં હતા અને તેની માનસિક સ્થિતિ સારી હતી તેવું લોકોએ જોયું. ઈસુની શક્તિ જોઈને લોકો બી ગયા. તેઓએ ઈસુને વિનંતી કરી કે તે પાછા જતા રહે. જ્યારે ઈસુ અને શિષ્યો હોડીમાં

બેસીને પાછા જતા હતા ત્યારે પેલા માણસે વિનંતી કરી કે એને પણ સાથે લઈ જવામાં આવે. ઈસુએ ના પાડી અને કહ્યું કે, "તું પાછો જા અને ઈશ્વરે તારે માટે જે જે કર્યું છે તે લોકોને કહી બતાવ." તેથી તેણે ગામેગામ ફરીને લોકોને જણાવ્યું કે ઈસુએ તેને સાજો કર્યો છે. અને સઘળા નવાઈ પામ્યા.

**ખાલી જગ્યા પૂરો :**

1. સાજા થયા અગાઉ આ માણસની સ્થિતિ કેવી હતી ? ..............................................
2. ભૂતોએ .................... માં પ્રવેશ કર્યા, પરિણામે ..........................................
3. સાજાપણા પછી લોકોએ કહ્યું કે ..................................................................
4. સાજાપણા પછી ઈસુએ તે માણસને કહ્યું ........................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 34
# હોસાન્ના

**શિક્ષક માટે સૂચના**
**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 21:1-11
**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરની સ્તુતિ કરવાનું મહત્ત્વ સમજાવો.
**પાઠનું આયોજન**
**ઈસુ ગધેડા ઉપર બેઠા તે વાર્તા કહો –** 25 મિનિટ
**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**
**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 100:4
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**તૈયારી :**

ઈસુ પોતાના શિષ્યોની સાથે પાસ્ખાપર્વ પાળવા માટે યરૂશાલેમ તરફ જઈ રહ્યા હતા. ઈસુએ તેના શિષ્યોમાંના બેને એમ કહીને મોકલ્યા કે તમે બન્ને જણ સામેના ગામમાં જાવ ત્યાં ગામમાં પેસતાં જ તમને ગધેડીનું વછેરું બાંધેલું જોવા મળશે, જેના પર કદી કોઈ બેઠું નથી તેને છોડી લાવો. જો કોઈ તમને પૂછે તો તમારે કહેવું કે, ‘‘પ્રભુને તેનો ખપ છે એટલે તરત તે તમને છોડવા દેશે.’’ શિષ્યો ગયા અને ખરેખર એમ જ દીઠું. પછી તેઓ મનમાં એવું વિચારતા ગધેડીના બચ્ચાને છોડતા હતા કે લોક આપણને શું પૂછશે. તરત કોઈકે પૂછ્યું કે તમે શું કરો છો અને શા માટે કરો છો ? એટલે તેમણે ઈસુએ કહ્યું હતું તેવો જવાબ આપ્યો, કે પ્રભુને તેનો ખપ છે, અને અમે પછી તેને પાછું મોકલી આપીશું. પછી તેઓએ રોકટોક વગર તેમને ગધેડીનું બચ્ચું લઈ જવા દીધું અને તેઓ તેને ઈસુ પાસે લઈ આવ્યા.

**ગધેડા પર સવારી :**

પછી ઈસુ ગધેડાના વછેરા પર સવાર થયા. વર્ષો પહેલાં જે ભવિષ્ય ભાખવામાં આવ્યું હતું તે પ્રમાણે બન્યું. લોકોએ પોતાના કપડાં ગધેડા ઉપર નાખ્યા અને ઈસુ તેના પર બેઠા. લોકો ખૂબ જ ખુશ હતા અને આનંદ સાથે તેઓએ ઈસુને આવકાર્યા. લોકોનું મોટું ટોળું ઈસુની આગળ અને આજુબાજુ ચાલી રહ્યું હતું તેઓ પોતાના વસ્ત્રો અને ઝાડની ડાળીઓ કાપીને રસ્તામાં પાથરવા લાગ્યા. લોકો ઉત્સાહથી ગધેડાના બચ્ચાંની સાથે સાથે દોડતા હતા. પોતાના રાજાના પ્રવેશ માટે તેઓ માર્ગ તૈયાર કરતા હતા. તેઓ મોટે અવાજે

કહેતા હતા કે, ''દાઉદના દીકરાને હોસાન્ના, પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે; પરમ ઊંચામાં હોસાન્ના.'' લોકો ખૂબ જ મોટેથી આ પ્રમાણે બોલતા હતા અને ઈસુના આગમનથી ખૂબ જ ખુશ હતા. આથી કેટલાક યહુદીઓ અને તેમના આગેવાનોને ગુસ્સો આવ્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુએ શિષ્યોને કહ્યું કે ..............................................................
2. શિષ્યોના જવાથી શું થયું ? ..............................................................
3. ઈસુ ગધેડા પર સવાર થયા એટલે લોકો ..............................................................
4. લોકો મોટે સાદે કહી રહ્યા હતા કે ..............................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 35
# ઈસુ શિષ્યોના પગ ધુએ છે

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યોહાન 13:1-20

**પાઠનો ઉદ્દેશ :** બીજાઓની સેવા કરવાની ટેવ પડે તેવું બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**ઈસુ ગધેડા ઉપર બેઠા તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માર્ક 10:45

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### શિષ્યોનો વાદવિવાદ :

પાસ્ખાપર્વની રાત્રે ઈસુ પોતાના બાર શિષ્યોની સાથે રોટલી ભાંગવાના અને દ્રાક્ષારસ પીવાના હતા તે રાત્રે તેમણે યાદ કર્યું કે કેવી રીતે પ્રભુએ પોતાના લોકને મિસરમાંથી છોડાવ્યા. ઈશ્વરે હઠીલા ફારુનનો વિનાશ કર્યો, જેણે ઈસ્રાએલીઓને ગુલામ બનાવ્યા હતા. ઈસુ ટેબલના એક છેડા પર શાંત થઈને બેઠા હતા. બધાના માથાં એકબીજાની ખૂબ જ નજીક નજીક ઝૂકેલાં હતાં. આ નાની ટોળીમાં એકાએક ચર્ચા શરૂ થઈ "હું છું", "ના ના હું છું." તેઓની લડાઈ એ હતી કે આપણામાં સૌથી મોટું કોણ ? મુખ્ય શિષ્ય કોણ ? કોઈકે કહ્યું યોહાન તો કોઈકે કહ્યું પિત્તર. ઈસુએ કહ્યું બધા અધિકારીઓ સત્તા અને તાકાત માટે લડે છે પણ આપણે તેઓથી ભિન્ન છીએ. તમારામાં જે સૌનો સેવક બનવા તૈયાર થાય તે જ આગેવાન બને. વધારે મહત્ત્વનું કોણ ? જે ટેબલ પર બેસીને જમે છે તે કે જે ટેબલ પર જમવાનું પીરસે તે ? તમારે મન તો જે ભોજન ખવડાવે છે તે મોટો છે. મને જુઓ, હું તમારી સેવા કરું છું. આ જ પ્રમાણે તમારે પણ એકબીજાની સેવા કરવાની છે. તમે મારી સાથે રહ્યા છો, જ્યારે સઘળું પૂરું થશે એટલે તમે પણ મારી સાથે મારા પિતાના રાજ્યમાં સામેલ થશો. અને તમે સિંહાસન પર બેસીને ઈસ્રાએલના બારે બાર કૂળનો ન્યાય કરશો.

### ઈસુનો પ્રતિભાવ :

ઈસુએ પોતાના બાર અંગત શિષ્યોની સામે જોયું. આ એ જ બાર જણ છે જેઓ ઈસુના સ્વર્ગારોહણ પછી ઈસુની સુવાર્તા આખા જગતમાં લઈ જનાર છે. તે આ લોકો પર પ્રેમ કરતા હતા. ઈસુએ શરૂઆતથી જ તેઓના પર પ્રેમ કર્યો હતો. અંત સુધી ઈસુએ તેઓ પર પ્રેમ કર્યો. ઈસુ જાણતા હતા કે પિતાએ તેમને પસંદગીની સ્વતંત્રતા આપી છે. બીજી વ્યક્તિઓની જેમ જ ઈસુ પણ તેમના જીવનમાં પિતાની યોજના

મુજબ કરવા પસંદગી કરી શકે એમ હતા અથવા ઈશ્વરની યોજનાની વિરુદ્ધ પોતાની ઈચ્છા મુજબ પોતાના પસંદગીના માર્ગે જઈ શકત. ઈસુ ઈશ્વર મારફતે આવેલ હતા. તેઓ ઈશ્વરની પાસે પાછા જવાના હતા. તેઓ સદા ઈશ્વરની સાથે હતા. ઈસુએ પોતાના શિષ્યોને જોયા અને પછી ઊભા થઈ ગયા. શિષ્યો શાંત થઈ ગયા. ઈસુ વાસણમાં પાણી ભરવા લાગ્યા તો શિષ્યો જોઈ રહ્યા. ઈસુએ શિષ્યો તરફ જોયું અને બોલ્યા, મારા મિત્રો તમારા પગ કોઈએ ધોયા નથી. ઈસુ દરેકની પાસે ગયા અને ઘૂંટણો પર બેસીને દરેક શિષ્યના ચંપલ ઉતાર્યા અને પગ ધોયા, અને કમરે બાંધેલ રૂમાલ વડે પગ લૂછીને સાફ કર્યા. ઈસુ તેઓ માટે એક શિક્ષક અને એક આગેવાન હતા. તેમ છતાં ઈસુએ એ કાર્ય કર્યું, જે એક ગુલામે કરવાનું હતું. પોતાના બન્ને હાથ વડે કટોરામાં પાણી ભરીને ઈસુએ ધીમે ધીમે બધા શિષ્યોના પગ ધોયા અને મેલ સાફ કર્યો.

**પિત્તરનો પ્રતિભાવ :**

ઈસુનું આ કાર્ય પિત્તર જોઈ ન શક્યો. તેણે કહ્યું કે સ્વામી તમે આ શું કરો છો ? પ્રભુ શું તમે મારા પણ પગ ધોવાના છો ? આ કામ તો એક ગુલામનું છે. ઈસુએ કહ્યું કે હું જે કરું છું તે તું અત્યારે સમજી શકીશ નહીં પણ એક દિવસ જરૂર સમજી શકીશ. પિત્તરે કહ્યું, “ના કદી નહીં. તમને મારા પગ હું કદી ધોવા નહીં દઉં. પિત્તર ઈસુને રાજા ગણતો હતો. તેથી ઈસુને એક ગુલામ તરીકે કાર્ય કરતા સહન કરી શકતો ન હતો. ઈસુએ તેને કહ્યું કે પિત્તર, જો હું તને સાફ ન કરું તો તું મારી નજીક નહીં આવી શકે. આ સાંભળીને પિત્તરે કહ્યું કે પ્રભુ, જો ખરેખર એવું હોય તો કેવળ મારા પગ જ નહીં પણ મારા હાથ અને માથું પણ ધોઈ નાખો. હજી પણ પિત્તર પૂરી રીતે સમજી ન શક્યો કે ઈસુ શું અને શા માટે આમ કરી રહ્યા છે ? કાર્ય પૂરું કરીને ઈસુએ ફરીથી પોતાના વસ્ત્ર પહેરી લીધા. ઈસુ ફરીથી ટેબલ પર બેઠા. પછી ઈસુએ તેઓને જણાવ્યું કે શા માટે તેમણે આ પ્રમાણે એક ગુલામની જેમ કર્યું. શું તમે જાણો છો હું શું કરી રહ્યો છું ? તમે મને પ્રભુ અને ગુરુ કહો છો તે સારો જ કહો છો. જો મેં પ્રભુ અને ગુરુ થઈને તમારા પગ ધોયા તો તમે શું ધારો છો ? તમારે એકબીજા માટે શું કરવું જોઈએ ?

**ખાલી જગ્યા પૂરો :**

1. શિષ્યો અંદરો અંદર વાદવિવાદ કરતા હતા કે ..........................................
2. ઈસુએ શું કર્યું ? ..........................................
3. પિત્તરે કહ્યું ..........................................
4. ઈસુએ આવું કામ એટલા માટે કર્યું કેમકે ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 36
# દગો કરી ઈસુને પકડાવ્યા

**શિક્ષક માટે સૂચના**
**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 22:1-5, 47:53
**પાઠનો ઉદ્દેશ :** કોઈને પણ દગો ન કરવો તેમ શીખવો.
**પાઠનું આયોજન**
**ઈસુ ગધેડા ઉપર બેઠા તે વાર્તા કહો –** 25 મિનિટ
**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**
**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 5:6
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### યહુદા દગો કરવા સહમત થયો :

પાસ્ખાપર્વ નજીક આવતું હતું અને મુખ્ય યાજકો પૂરી કોશિશ કરી રહ્યો હતા કે ઈસુને કેવી રીતે પકડવા. તે ઈસુની વાતો અને કાર્યોથી ખૂબ જ ગુસ્સે ભરાયા હતા. તે એટલા માટે પણ ગુસ્સે ભરાયા હતા કે ઈસુ તેમના ચમત્કારો અને સારા કાર્યોને કારણે ચારે તરફથી ખૂબ જ માન મેળવી રહ્યા હતા. ઈસુનું માન વધતું જતું હતું. આવા વખતે શેતાને યહુદાના હૃદયમાં પ્રવેશ કર્યો અને ઈસુને દગો દેવા માટે તેને તૈયાર કર્યો. તે મુખ્ય યાજકોની પાસે ગયો અને પોતાની ઈચ્છા જાહેર કરી. આ સાંભળીને તેઓ ખૂબ જ ખુશ થયા કેમકે તેઓ આવી જ તક શોધી રહ્યા હતા. તેઓ નાણાં આપવા તૈયાર હતા અને યહુદા ઈસુને એકાંતમાં પકડાવી દેવા સહમત થઈ ગયો. તેણે આવું એ સારું કર્યું કેમકે તેને નાણાં પર ખૂબ જ પ્રેમ હતો. ઈસુએ અગાઉથી જણાવ્યું હતું કે તેઓના શિષ્યોમાંનો એક દગો કરવાનો છે, જે સાંભળીને તેઓ ખૂબ જ દુઃખી થયા હતા.

### ઈસુનું પકડાઈ જવું :

ઈસુ પોતાની રીત મુજબ જૈતુન પહાડ પર પ્રાર્થના કરવા જતા હતા. ઈસુ જાણતા હતા કે તેમનો સમય નજીક આવ્યો છે અને મરણ પામવાનું છે. તેથી તે પ્રાર્થના કરતા હતા કે આ સઘળું સહન કરવા માટે તેમને ઈશ્વર શક્તિ આપે. તેઓ પોતાના શિષ્યોને કહે છે કે જાગતા રહો અને પ્રાર્થના કરો. એકાએક એક ટોળું ત્યાં આવી પહોંચ્યું જેની આગેવાની યહુદા કરી રહ્યો હતો. યહુદા આગળ વધ્યો અને ઈસુને ચૂમ્યો જે ઈસુને પકડાવવાની નિશાની હતી. પિત્તર આ જોઈને ખૂબ જ ગુસ્સે થયો. તેણે તલવાર કાઢીને મુખ્ય

યાજકના એક ચાકરનો કાન કાપી નાખ્યો. ઈસુએ પિત્તરને આમ કરતો રોક્યો અને પેલી વ્યક્તિનો કાન જોડી દીધો. ઈસુએ કહ્યું કે આ તો દુષ્ટતાનો સમય છે નહીં તો હું સ્વર્ગના દૂતોને મારી મદદે બોલાવત. તરત સૈનિકો ઈસુને પકડીને લઈ ગયા. આ સઘળું જોઈને ઈસુના શિષ્યો ત્યાંથી નાસી ગયા.

**ખાલી જગ્યા પૂરો :**

1. યહુદી આગેવાનો ઈસુને પકડાવવા ઈચ્છતા હતા, કારણકે ..........................................
2. યહુદા ઈસુને દગો કરવા તૈયાર થયો, કારણકે..........................................
3. ઈસુની પ્રાર્થનાનો ઉદ્દેશ હતો કે ..........................................
4. પિત્તરે શું કર્યું ? ઈસુનો પ્રતિભાવ શું હતો ? ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 37
# ઈસુની ચકાસણી

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 23:8-12

**પાઠનો ઉદ્દેશ :** કોઈના ઉપર ખોટો આરોપ ન લગાવવો તે બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**ઈસુની ચકાસણી તેની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** નીતિવચન 24:28

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### પિલાત સમક્ષ ઈસુ :

ઈસુ પર આરોપો મૂક્યા પછી મુખ્ય યાજક અને યહુદી આગેવાનો ઈસુને મરણદંડની સજા કરવા માટે સત્તા ધરાવતા ન હતા. આ વિસ્તારના અધિકારી જ્યાં સુધી વ્યક્તિના આરોપોને સમર્થન આપીને દોષિત જાહેર ન કરે ત્યાં સુધી તેઓ મરણદંડ આપી શકે નહીં. તે સમયે તે વિસ્તાર એટલે યહુદીયામાં શાસનકર્તા રોમન અધિકારી હતો. યહુદીયા પ્રાંતના રોમી ગવર્નરનું નામ પોંતિયુસ પિતાલ હતું. પાસ્ખાપર્વ વખતે પિલાત યરૂશાલેમમાં હતો. તે મંદિરની પાસે જ આવેલ મુખ્ય દરબારમાં રહેતો હતો. શુક્રવારે વહેલી સવારે મુખ્ય યાજકો અને અન્ય લોકો ઈસુને બાંધીને પિલાતની પાસે આરોપોની ચકાસણી કરવા લાગ્યા, જેથી તેઓ ઈસુને મરણદંડને યોગ્ય ઠેરવી શકે. પિલાતે પૂછ્યું કે ઈસુનો ગુનો શો છે ? તમે તમારી જાતે ઈસુનો ન્યાય કરો, પણ તેઓએ કહ્યું કે અમે એમ કરી શકીએ તેમ નથી. અમારી સત્તામાં એ આવતું નથી. તેઓએ ઈસુ પર રાજા હોવાનો આરોપ મૂક્યો, જે સાંભળીને પિલાત અચંબો પામ્યો. પિલાતે ઈસુને પૂછ્યું, શું આ સાચું છે ? ઈસુએ કંઈ જવાબ ન આપ્યો પણ શાંત રહ્યા. પછી ઈસુએ જણાવ્યું કે મારું રાજ્ય આ પૃથ્વી પરનું નથી. ઈસુ સાથેની વાતચીતથી પિલાતને ખબર પડી કે ઈસુ ગાલીલ પ્રાંતનો છે તેથી પિલાતે ઈસુને હેરોદ રાજા પાસે મોકલ્યો, કારણકે ગાલીલ પ્રાંત હેરોદ રાજાના તાબામાં આવતો હતો.

**હેરોદ સમક્ષ ઈસુ :**

ગાલીલ પ્રાંતનો રાજા હેરોદ અન્તિપાસ જેણે યોહાન બાપ્તિસ્મીને મારી નંખાવ્યો હતો, તે ઈસુને ઘણા લાંબા સમયથી જોવા ઝંખી રહ્યો હતો. તેણે ઈસુની ઘણી બાબતો સાંભળી હતી. જ્યારે ઈસુને લોકો તેની પાસે લઈ ગયા તો હેરોદ ખૂબ જ ખુશ થયો, કારણકે તે ઈસુ પાસેથી ચમત્કાર જોવા માંગતો હતો. હેરોદે ઘણો સમય સુધી ઈસુને અનેક પ્રશ્નો પૂછ્યા પણ ઈસુએ કોઈ જવાબ ન આપ્યો. મુખ્ય યાજકો અને શાસ્ત્રીઓ સતત ઈસુ પર દોષારોપણ કરતા રહ્યા. પછી હેરોદ અને તેના સૈનિકોએ ઈસુની ઠઠ્ઠા મશ્કરી કરી અયોગ્ય વ્યવહાર કર્યો. પછી ઈસુ નાસમજ છે તે દર્શાવવા તેને ભપકાદાર વસ્ત્ર પહેરાવ્યા અને પિલાતની પાસે પાછો મોકલી આપ્યો. પિલાત અને હેરોદ એ દિવસથી એકબીજાના મિત્ર બન્યા. અગાઉ તેઓ એકબીજાના દુશ્મન હતા.

**ખાલી જગ્યા પૂરો :**

1. મુખ્ય યાજક ઈસુને પિલાતની પાસે લાવ્યા, કારણકે ..............................................
2. તેઓએ ઈસુ પર આરોપ મૂક્યો કે ..............................................
3. હેરોદ ઈસુને જોઈને કેમ ખુશ થયો ?..............................................
4. હેરોદ અને પિલાતની વચ્ચે ફેરફાર થયો કે ..............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 38
# ઈસુનું વધસ્તંભે જડાવવું

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 27:27-52

**પાઠનો ઉદ્દેશ :** ઈસુનું વધસ્તંભે જડાવવું જરૂરી હતું તેમજ તેનું મૂલ્ય પણ સમજાવો.

**પાઠનું આયોજન**

**ઈસુનું વધસ્તંભે જડાવવું તેની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 6:33

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### સૈનિકો ઈસુની ઠઠ્ઠા મશ્કરી કરે છે :

લોકોનું ટોળું ખૂબ જ તોફાની અને હિંસક બની રહ્યું છે તે જોઈને પિલાત પરિસ્થિતિ પામી ગયો અને ઈસુને મૃત્યુદંડ આપવાની જાહેર કરે છે. પછી સૈનિકો ઈસુને વધસ્તંભે જડવા લઈ ગયા. ઈસુના કપડાં ઉતારી લઈને કીરમજી રંગનો ઝભ્ભો પહેરાવ્યો, માથે કાંટાનો મુગટ ગૂંથીને મૂક્યો. કાંટાનો મુગટ જોરથી મૂક્યો એટલે માથામાંથી લોહી વહેવા લાગ્યું. એક લાકડી ઈસુના હાથમાં આપીને ઈસુની મશ્કરી કરી. ઈસુની આગળ ઘૂંટણ ટેકવીને મજાક કરતાં બોલ્યાં, “હે યહુદીઓના રાજા સલામ !” ઈસુનો ધિક્કાર કરતાં તેઓ ઈસુ પર થૂંક્યા અને હાથમાંની લાકડી લઈને ઈસુને મારી. પછી તેઓએ કીરમજી ઝભ્ભો ઉતારી લઈને તેના કપડાં પહેરાવી દીધાં, પછી વધસ્તંભે જડવા લઈ ગયા. તેઓ ઈસુને લઈને જઈ રહ્યા હતા ત્યારે આખા રસ્તામાં લોહીના ટીપા પડી રહ્યા હતા.

### ઈસુનું વધસ્તંભે જડાવવું :

જ્યારે સૈનિકો ગલગથા તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે તેઓએ સિમોન નામની એક વ્યક્તિને રસ્તામાંથી પકડી અને તેની પાસે ઈસુનો વધસ્તંભ જબરજસ્તીથી ઊંચકાવ્યો. પછી તેઓએ આજુબાજુ બે ચોર અને વચ્ચે ઈસુ એ રીતે ઈસુને વધસ્તંભે જડ્યા. ઈસુને પીવા માટે કડવો પ્યાલો આપ્યો, જેનો ઈસુએ નકાર કર્યો. ચિઠ્ઠીઓ નાખીને ઈસુના કપડા અંદરો-અંદર વહેંચી લીધા. ત્યાંથી પસાર થતા લોકો મશ્કરી કરતાં કહેતા હતા કે, તું ઉપરથી નીચે ઉતરી આવ. મુખ્ય યાજક અને યહુદી આગેવાનો એમ કહીને મજાક કરતા હતા

કે, જો તે નીચે ઉતરી આવે તો અમે તેના ઉપર વિશ્વાસ કરીશું. બપોરે 12 થી 3 વાગ્યા સુધી અંધકાર છવાઈ ગયો. અને ઈસુએ મોટા અવાજે કહ્યું કે હે બાપ, તમે મને કેમ મૂકી દીધો છે ? કેટલાકે એવું વિચાર્યું કે ઈસુ એલિયાને બોલાવે છે. પછી ઈસુએ મોટે સાદે પોકાર કરીને પોતાનો આત્મા પિતાના હાથમાં સોંપીને પ્રાણ ત્યાગ કર્યો. ઈસુ મરી ગયા કે તરત કેટલીક કબરો ઉઘડી ગઈ અને મરેલા મુડદા જીવતા થયાં. મંદિરનો પડદો ઉપરથી નીચે સુધી ફાટી ગયો.

**ખાલી જગ્યા પૂરો :**

1. સિપાઈઓએ ઈસુ સાથે કેવો વ્યવહાર કર્યો ? ..................................................
2. .................. ની પાસે ઈસુનો વધસ્તંભ જબરજસ્તીથી ઊંચકાવવામાં આવ્યો.
3. મુખ્ય યાજકોએ એમ કહીને ઈસુની મશ્કરી કરી કે ..................................................
4. જ્યારે ઈસુ મરી ગયા ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 39
# પુનરુત્થાન

**શિક્ષક માટે સૂચના**
**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 28:1-15
**પાઠનો ઉદ્દેશ :** ઈસુના પુનરુત્થાનના મહત્ત્વ વિશે સમજાવો.
**પાઠનું આયોજન**
**ઈસુના પુનરુત્થાનની વાર્તા કહો** – 25 મિનિટ
**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**
**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ
**મુખપાઠ કલમ :** 1 કરિંથી 15:21-22
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ખાલી કબર :

ઈસુને વધસ્તંભ પરથી ઉતારીને એક નવી કબરમાં દાટવામાં આવ્યાં. તેઓને લાગતું હતું કે, ઈસુના શિષ્યો ઈસુની લાશને ચોરી જશે. તેથી તેઓએ કબર ઉપર ચોકીદારો મૂક્યા. ત્રીજા દિવસે કેટલીક સ્ત્રીઓ કબર પાસે ગઈ અને અચાનક જ ધરતીકંપ થયો. કબર ઉપર મૂકેલો પથ્થર ગબડી ગયો હતો. અને આ સ્ત્રીઓએ ત્યાં એક દૂતને જોયો. દૂતે કહ્યું કે ઈસુ જીવે છે અને તમે જીવતાને મૂએલામાં ન શોધશો. દૂતે એમ પણ કહ્યું કે ઈસુ તમારી અગાઉ ગાલીલ તરફ ગયા છે. આ સાંભળીને સ્ત્રીઓ ખૂબ જ નવાઈ પામી, અને આ શબ્દો પર તેમને વિશ્વાસ આવ્યો નહીં. જ્યારે તેમણે શિષ્યોને આ વાત કરી તો તેઓ પણ વિશ્વાસ કરી શક્યા નહીં. પિત્તર દોડીને કબર પાસે ગયો તો કબર ખાલી હતી. તેથી શિષ્યો ખૂબ દુઃખી થયા અને ભરમાઈ ગયા કારણકે આ બધુ તેઓ સમજી શક્યા નહીં.

### ચોકીદારોના સમાચાર :

ચોકીદારોએ આ બધુ જોયું અને તેઓ ખૂબ જ ગભરાઈ ગયા. તેઓએ જઈને આ બધી જ વાત મુખ્ય યાજકોને કરી. આ સાંભળીને મુખ્ય યાજકો નવાઈ પામ્યા અને ડરી ગયાં. તેઓને સમજણ પડી નહીં કે હવે શું કરવું. તેઓને એવી બીક હતી કે આ ચમત્કાર વિશે સાંભળીને ઘણા બધા લોકો વિશ્વાસ કરશે. મુખ્ય યાજકોએ ચોકીદારોને જૂઠા સમાચાર ફેલાવવા સમજાવ્યા. તેઓને એવું સમજાવ્યું કે તમારે લોકોને કહેવું કે જ્યારે અમે સૂઈ રહ્યા હતા અને ભરઊંઘમાં હતા ત્યારે ઈસુના શિષ્યો આવીને લાશને ચોરી ગયાં. આ પ્રમાણે જૂઠું બોલવા માટે તેમને ઘણા પૈસા આપવામાં આવ્યાં. આ વાત યહુદી લોકોમાં આજે પણ પ્રચલિત છે અને ઘણા તેને સાચું માને છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. કબર ઉપર કડક ચોકી પહેરો ગોઠવવામાં આવ્યો, કારણકે.........................................
2. દૂતે સ્ત્રીઓને કહ્યું કે ..............................................................................................
3. મુખ્ય યાજક શા માટે ડરી ગયો ? ...............................................................................
4. ચોકીદારોએ કયા જૂઠા સમાચાર ફેલાવ્યા ....................................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...............................................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 40
# ઈસુનું શિષ્યોને દર્શન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 24:36-49, યોહાન 20:24-31; 21:1-19

**પાઠનો ઉદ્દેશ :** ઈસુની ધીરજ વિશે બાળકોને સમજાવો.

**પાઠનું આયોજન**

**ઈસુએ આપેલ દર્શન એ વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 40:1

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

### ઈસુનું 10 શિષ્યોને દર્શન :

ઉપલી મેડીમાં 10 શિષ્યો હાજર હતાં. તેમણે દરવાજા બંધ કર્યા હતાં. પકડાઈ જવાની બીકથી તેઓ બહાર નીકળતા ન હતા. અને રૂમની અંદર જ પૂરાઈ ગયા હતા. તેમને સમાચાર મળ્યા કે આમોસ જતા બે જણને ઈસુએ દર્શન આપ્યું. હજુ પણ તેઓ ઈસુના સજીવન થવા વિશે વિશ્વાસ કરતા ન હતા. તેઓ રૂમની અંદર આ બધી વાતો કરી રહ્યાં હતાં. ત્યારે અચાનક ઈસુ તેમની વચ્ચે પ્રગટ થયાં. તેઓ ભૂત સમજીને બી ગયાં. તેમના અવિશ્વાસને લીધે ઈસુએ તેમને ઠપકો આપ્યો, અને કહ્યું કે સંદેહ ન લાવો, ઈસુએ પોતાના હાથ અને પગ બતાવ્યાં. તો પણ તેઓ વિશ્વાસ કરી શકતા ન હતા. પોતે ભૂત નથી તેની ખાતરી કરાવવા માટે, ઈસુએ તેમની સામે જ ખોરાક ખાધો. પછી ઈસુએ એ પણ સમજાવ્યું કે ઈશ્વરનું વચન કેવી રીતે પૂરું થયું છે. તેઓ વચનને સમજી શકે માટે, ઈસુએ તેમના મનની આંખો ઉઘાડી.

### ઈસુનું થોમાને દર્શન :

ઈસુએ જ્યારે શિષ્યોને દર્શન આપ્યું ત્યારે થોમા હાજર ન હતો. તેઓએ થોમાને કહ્યું કે ઈસુ ઉઠ્યા છે અને અમને દર્શન આપ્યું છે. થોમાએ આ વાત માની નહીં અને વિશ્વાસ કર્યો નહીં. તેણે કહ્યું કે, જ્યાં સુધી હું ઈસુનાં હાથમાં ખીલાનાં ઘા ન જોઉં, અને તેની પાંસળીમાં મારો હાથ ન નાખું ત્યાં સુધી હું માનું નહીં. એક અઠવાડિયા પછી શિષ્યો જ્યાં એકઠા થયા હતાં ત્યાં ઈસુ ફરીથી પ્રગટ થયાં. ઈસુએ થોમાને કહ્યું કે તું આવીને મારા હાથ જો, અને તારી આંગળી ઘાલીને તપાસ. થોમાએ તરત જ વિશ્વાસ કર્યો અને તેનો સંદેહ દૂર થઈ ગયો. ઈસુએ કહ્યું કે જેઓએ મને જોયા વગર વિશ્વાસ કર્યો છે, તેઓને ધન્ય છે.

**સમુદ્રકાંઠે ઈસુ :**

આ બધા દર્શન થવા છતાં પણ શિષ્યો સંપૂર્ણ રીતે ઈસુનાં સજીવન થવા પર વિશ્વાસ કરી શકતાં ન હતાં. પિત્તર માછલા પકડવા ગયો. અને બીજા શિષ્યો પણ તેની સાથે ગયા. ખૂબ જ મહેનત કરવા છતાં તેઓ માછલી પકડી શક્યા નહીં. વહેલી સવારે સમુદ્રને કાંઠે ઈસુ આવ્યા અને તેઓને પૂછ્યું કે શું માછલી પકડાઈ ? તેઓએ કહ્યું કે ના. ઈસુના કહેવા પ્રમાણે શિષ્યોએ ફરીથી જાળો નાખી, તો ખૂબ જ માછલીઓ પકડાઈ. આ જોઈને યોહાન સમજી ગયો કે આ તો પ્રભુ છે. અને બધા જ ખૂબ ખુશ થયા. જ્યારે શિષ્યો કિનારા પર આવ્યા ત્યારે અગ્નિ પર રોટલી અને માછલી તૈયાર થતી જોઈ. પછી ઈસુએ પિત્તર સાથે વાત કરીને તેને હિંમત આપી.

**ખાલી જગ્યા પૂરો :**

1. શિષ્યો રૂમની અંદર બેઠા હતાં, કારણકે..............................................
2. ઈસુએ શિષ્યોને શું બતાવ્યું અને કયું શિક્ષણ આપ્યું ? ..............................
3. થોમાએ વિશ્વાસ કર્યો, પછી ઈસુએ કહ્યું કે ......................................
4. ઈસુએ કયો ચમત્કાર કર્યો ? ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# સુઆચાર (શિષ્ટાચાર) ધોરણ-૩

1. તમારી આંખોને કદી ચોળશો નહીં પરંતુ સ્વચ્છ ઠંડા પાણી વડે ધુઓ.
2. જ્યારે તમે બેસો ત્યારે તમારી બેસવાની રીત યોગ્ય રીતે કેળવો - કમરમાંથી વાંકા વળીને ન બેસો.
3. જો કોઈ વ્યક્તિની બારીનો કાચ તમારાથી તૂટી જાય અથવા અન્ય કંઈક નુકસાન થયું હોય તો પ્રામાણિકતાથી જઈને તેની માફી માંગો.
4. હંમેશા સાચું બોલો. માતા, પિતા અને ઈશ્વરનું નામ દઈને સમ ન ખાવ.
5. ફળ ખાતાં પહેલાં સ્વચ્છ પાણીથી ધુઓ.
6. વધારે પડતા મસાલા ન ખાવ તેનાથી પેટ ખરાબ થાય છે.
7. હંમેશા હસતા રહો. તેનાથી તંદુરસ્તી અને દેખાવ સારો બને છે અને તે માટે કંઈ જ ખર્ચ થતો નથી.
8. ઘર અને આસપાસની જગ્યા સ્વચ્છ રાખો.
9. વપરાશ પતી ગયા પછી પાણીના નળ બંધ કરો.
10. પાણીને ઢાંકેલું રાખો.
11. ખાવાનું ઢાંકીને રાખો, નહીંતર માખી તેના પર બેસશે અને બીમારી ફેલાવશે.
12. ઘરની પાસે પાણી ભરાઈ રહેવા ન દો તેનાથી મચ્છર ઉત્પન્ન થાય છે.
13. ચોમાસામાં છત્રી અથવા રેઈનકોટ વાપરો, નહીંતર બીમાર પડી જશો.
14. ઉનાળામાં સુતરાઉ કપડાં પહેરો.
15. શિયાળામાં ગરમ કપડાં પહેરો.
16. જો જગ્યા હોય તો તમારા ઘર આગળ એક બગીચો બનાવો, નહીંતર કૂંડામાં છોડ ઊગાડો. છોડ આપણને પ્રાણવાયુ (ઑક્સિજન) આપે છે ને તાજગી પૂરી પાડે છે.
17. રખડતાં કૂતરાં સાથે રમશો નહીં. જો તમે કદાચ તેને અડો તો સાબુથી તમારા હાથ ધોઈ નાખો. કારણકે તેના જીવાણું તમને બીમાર કરી દેશે.
18. આગ સાથે કદી રમત ન કરો, તે જોખમકારક છે.
19. જો તરતાં આવડતું ન હોય તો નદી કે નહેરમાં તરવા ન પડતા. પહેલાં તરતાં શીખી લો.
20. ટ્રાફિકના નિયમોનું પાલન કરો. સડક ઓળંગતી વખતે માત્ર ઝીબ્રા ક્રોસીંગથી જ ઓળંગો અને આગળ પાછળ જોયા પછી જ ઓળંગો.
21. બસમાં ગાડીમાં કે કારમાં મુસાફરી કરતી વખતે તમારા હાથ કે માથું બહાર ન કાઢશો.
22. ધારદાર હથિયારો એટલે કે છરી, કાતર, બ્લેડ વિગેરેથી રમત ન કરો.

23. કોઈપણ વ્યક્તિને તેના રૂપ, રંગ કે અપંગતાને લીધે ખીજવશો નહીં.
24. વૃદ્ધ અથવા અંધ વ્યક્તિને રસ્તો ઓળંગવા મદદ કરો.
25. બસ કે ગાડીમાં મુસાફરી કરતી વખતે વૃદ્ધ વ્યક્તિને બેસવાની જગ્યા આપો.
26. રસ્તા વચ્ચે ન રમો.
27. ગાડીના પાટા પર કદી બેસવું નહીં કે રમવું નહીં.
28. ગાડીનું ફાટક બંધ હોય ત્યારે પાટા ઓળંગવા નહીં.
29. વીજળીના સાધનોને ભીના હાથે ન અડશો. વીજળીના કરંટના ઝાટકાથી બચવા હંમેશા ચંપલ કે બૂટ પહેરેલા રાખો.
30. ઘરની અંદર અને બહાર પહેરવા માટે ચંપલ અલગ અલગ રાખો.
31. રોડની વચ્ચોવચ ન ચાલો; ફૂટપાથનો ઉપયોગ કરો અથવા રોડની એક બાજુ કિનારે ચાલો.
32. પતંગની પાછળ કે દડાની પાછળ રોડ ઉપર કે ધાબા પર ન દોડો.
33. ટ્રાફિકના ચિહ્નોનું ચુસ્તપણે પાલન કરો – જ્યારે લાલ રંગનું ચિહ્ન દેખાય એટલે તરત ઊભા રહો.
34. બસ કે ટ્રેન ઉપડી ગઈ હોય તો તેને પકડવા દોડશો નહીં, પણ ત્યારબાદની બસ કે ટ્રેનની રાહ જુઓ.
35. વાહન ગતિમાં હોય ત્યારે ઉતરવું નહીં.
36. બસના પગથિયામાં બેસીને કે બસની છત ઉપર બેસીને કદી મુસાફરી ન કરશો.
37. વાહનમાં બેઠા હોવ ત્યારે મોટેથી વાતચીત ન કરો.
38. પ્રાણીઓ પ્રત્યે માયાળું બનો. તેમને ઈજા ન કરો કે પજવશો પણ નહીં.
39. નાના બાળકોને તેમજ અપંગ વ્યક્તિઓને મદદ કરો.
40. વૃદ્ધ વ્યક્તિઓને તેમનો સામાન ઊંચકવામાં મદદ કરો.